Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

મહાવીર-નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




# શ્રીગુરુના ઉપદેશથી

## તત્કાળ અનુભવ થાય છે

અહો, તીર્થંકરના ઉપદેશઅનુસાર જ્ઞાનીએ ભેદજ્ઞાન સમજાવ્યું, તે સાંભળતાં તરત જ જ્ઞાનશક્તિ સ્વરૂપના પ્રત્યક્ષઅનુભવશીલપણે કોને ન પરિણમે? આત્મા સમ્યગ્જ્ઞાનરૂપ જરૂર પરિણમે; સ્વરૂપનો અનુભવ જરૂર થાય, એટલે સમ્યક્ત્વ થાય જ.

ધર્મીનું અસ્તિત્વ કાંઈ વચનમાં નથી, રાગમાંય ધર્મીનું અસ્તિત્વ નથી; ધર્મીનું અસ્તિત્વ તો જ્ઞાનચેતનામાં છે. તે જ્ઞાનચેતનામાંથી નીકળેલા ભાવોને જે ઓળખે તેને તત્કાળ ભેદજ્ઞાન થાય જ...તેના ભાવ પણ રાગથી જુદા ચેતનમય થઈ જાય.

વાહ રે વાહ! ધન્ય ગુરુ! આપે આવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવીને તત્ત્વ સમજાવ્યું તે સમજતાં તત્કાળ અમારા અંતરમાં શાંતરસના વેદન સહિત અપૂર્વ જ્ઞાન ઊપજે છે. પહેલાં આત્મા જાણે મરેલો હતો, દેહ વગરનું તેનું અસ્તિત્વ ભાસતું જ ન હતું, હવે દેહથી ભિન્ન ચેતનસ્વરૂપે પોતાના અસ્તિત્વને અનુભવીને આત્મા જીવતો થયો, આત્મામાં સમ્યગ્જ્ઞાનનો અવતાર થયો. હે ગુરુ! આપે મરેલામાંથી અમને જીવતા કર્યા.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦, વૈશાખ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક નં. ૭




## ચાલો જઈએ...શ્રીગુરુના પાવન પંથે


વૈશાખ સુદ બીજ...એટલે આપણા ગુરુદેવની જન્મજયંતિનો ઉત્તમ દિવસ... ભારતભરના મુમુક્ષુઓ આજનો દિવસ આનંદથી ઉજવે છે. અહા, જે કહાનગુરુએ જિનમાર્ગનું રહસ્ય બતાવીને આપણને જૈન બનાવ્યા, અરિહંતોનું અને સંતોનું અધ્યાત્મજીવન કેવું હોય તે સમજાવીને જેમણે આપણને અધ્યાત્મજીવન જીવતાં શીખવ્યું, મોક્ષની સાધના આનંદમય છે-એમ દેખાડી જેમણે આપણને દુઃખ ને ક્લેશના માર્ગેથી છોડાવ્યા, ને આનંદના માર્ગમાં લીધા, આત્માની આરાધના એ જ આ મનુષ્યજીવનનું સાચું ધ્યેય છે એમ બતાવીને જેમણે જીવનના ધ્યેય તરફ વારંવાર આપણને પ્રોત્સાહિત કર્યા, જેમ કુંદકુંદાચાર્યદેવને તેમના પરાપરગુરુઓએ અનુગ્રહપૂર્વક શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપીને નિજવૈભવ આપ્યો હતો તેમ જેઓએ અનુગ્રહપૂર્વક આપણને નિરંતર શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપીને અચિંત્યઆત્મવૈભવ દેખાડયો છે, અને જેમનું ભૂત-ભવિષ્યનું જીવન આપણને તીર્થંકર ભગવંતો પ્રત્યે પરમ ભક્તિ જગાડે છે-એવા આ ગુરુદેવનો જન્મોત્સવ ઉજવતાં આત્મા ઉલ્લસિત થાય છે, અને એમની મંગલ ચરણછાયામાં શુદ્ધાત્માની આરાધના પામીને જીવનમાં અતીન્દ્રિય આનંદની મધુર ઊર્મિઓ જાગે છે.

હે ગુરુદેવ! આપના જીવનમાંથી શુદ્ધાત્માની આરાધના શીખીને એ જીવનનો મહોત્સવ ઊજવીએ છીએ. આપશ્રીના કલ્યાણકારી મંગલ આશીર્વાદ પામીને અમે ધન્ય બન્યા છીએ. અને ભારતના સમસ્ત મુમુક્ષુઓ આપને આનંદથી અભિનંદીએ છીએ.

હે મુમુક્ષુઓ! ગુરુસેવાનો સાચો લહાવો લેવો હોય તો તમારા જ્ઞાનને અચિંત્ય મહિમાવંત શુદ્ધાત્મતત્ત્વમાં જોડીને તેની અનુભૂતિ કરો, ત્યારે જ ગુરુની અને ગુરુના માર્ગની અપૂર્વ મહત્તા તમને સમજાશે.


- હરિ.

## સોનગઢ : પરમાગમ–પ્રતિષ્ઠામહોત્સવનાં મીઠાં સંભારણાં–



પરમાગમ–પ્રતિષ્ઠામહોત્સવની મંગલ શરૂઆતમાં
પૂ. ગુરુદેવ જૈનઝંડાને ફરકાવવા દોરી
ખેંચી રહ્યા છે. મહાવીરનગરના
ભવ્યપ્રતિષ્ઠામંડપમાં જૈનધર્મધ્વજ
લહેરાઈ રહ્યો છે ને આંગણીયે
હાથી ઝૂલી રહ્યા છે.


જી ! અમે બધા પ્રભુનો ઉત્સવ ઉજવવા આફ્રિકાથી આવ્યા છીએ–






"અહા, પ્રભુના કલ્યાણકમાં ભાગ લઈને અમે ધન્ય બન્યા !"

પરમાગમ-મંદિરના કળશ ઉપર ગુરુદેવના મંગલ હસ્તે સ્વસ્તિક





મંગલ હસ્તે કળશશુદ્ધિની વિધિ થઈ રહી છે.

આ બધાય કળશ આજે પરમાગમ-મંદિર ઉપર શોભી રહ્યા છે.

જન્માભિષેકની તૃપ્તિ અનુભવતા સૌધર્મ તથા ઈશાન ઇન્દ્ર





મહાવીરમુનિરાજને પ્રસન્નચિત્તે ભક્તિથી આહારદાન કરી રહેલા

શ્રી કાનજીસ્વામી

પરમાગમ–મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ વખતે કુન્દકુન્દસ્વામીના ચરણનો સ્પર્શ કરવાથી તેઓશ્રીની વાણી સંભળાય–એવી રચના થયેલી. પૂ. ગુરુદેવ કુંદપ્રભુના ચરણનો સ્પર્શ કરીને તે રચનાનું ઉદ્‌ઘાટન કરી રહ્યા છે. ચરણસ્પર્શ કરતાં સમયસારની ૩૧ મી ગાથા સંભળાણી, તે એકાગ્રચિત્તે ગુરુદેવ સાંભળી રહ્યા છે.



* કુન્દકુન્દ પ્રભુનાં ચરણકમળ



સોનગઢ : પ્રતિષ્ઠા–મહોત્સવ : મંગલ મંત્ર–જાપની વિધિ વડે
પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી મુન્નાલાલજી ઉત્સવની શરૂઆત કરાવી રહ્યા છે.



પંચકલ્યાણકના પ્રારંભમાં જિનેન્દ્રદેવની પ્રાર્થના વડે
મંગલાચરણ કરી રહેલી કુમારી–દેવીઓ.



શ્રી જિનેન્દ્ર-દરબાર : ( દરબાર તુમ્હારા મનહર હૈ... )

ઉત્સવ પ્રસંગે પ્રતિષ્ઠા માટે વેદીમાં બિરાજમાન જિનબિંબો



પંચકલ્યાણકના પ્રારંભમાં પંચપરમેષ્ઠી-પૂજનમાં ભક્તિથી ભાગ

લઈ રહેલા માતા-પિતા



સોનગઢમાં પરમાગમ-મંદિર પ્રતિષ્ઠામહોત્સવ આનંદથી પૂરો થયો, અને મુ. શ્રી રામજીભાઈનું સન્માન કરવામાં આવ્યું ત્યારે પ્રત્યુત્તરમાં મુ. શ્રી રામજીભાઈ કહે છે કે આ બધો પ્રતાપ ગુરુદેવનો છે. પરમાગમનું રહસ્ય તેઓએ જ આપણને સમજાવ્યું છે. આપણે તેનો લાભ લઈએ ને આપણા આત્માને આ જન્મમરણથી છોડાવીએ. સૌના સહકારથી આ કામ પાર પડયું છે.

આ પ્રસંગે સૌ ખૂબ જ સંતોષની લાગણી અનુભવતા હતા.

# ૮૫ ચૈતન્ય-રત્નોની મંગળમાળા

રાગથી ભિન્ન ચૈતન્યભાવને પ્રસિદ્ધ કરીને ભારતભરમાં ભેદજ્ઞાનની ભેરી વગાડનારા ગુરુદેવની ૮૫ મી જન્મજયંતીનો મંગલ ઉત્સવ મુંબઈનગરીમાં મુમુક્ષુઓએ આનંદથી ઉજવ્યો. આ આનંદમાં સાથ પૂરાવવા, મુંબઈ રાજકોટ ભાવનગર અને સોનગઢના પ્રવચન વગેરેમાંથી ચૂંટેલા ૮૫ પુષ્પોની મંગળમાળ અહીં આપીએ છીએ, તે મુમુક્ષુ-હૃદયમાં આનંદની સૌરભ પ્રસરાવશે. ( સં. )

卐 જગતમાં સૌથી સુંદર એવું ચૈતન્યતત્ત્વ સ્વદ્રવ્ય છે, તે સ્વદ્રવ્ય આનંદરૂપ છે; તેનો આશ્રય કરનાર જીવ મંગળરૂપ છે. આવા મંગલકારી મંગલ-આત્મા ગુરુદેવ જયવંત વર્તો.

૧. આનંદમય ચૈતન્યતત્ત્વના આશ્રયે જે કાર્ય થાય, તે કાર્ય શુભ રાગના આશ્રયે થઈ શકે નહિ, કે પરદ્રવ્યના આશ્રયે પણ થઇ શકે નહિ. માટે સ્વતત્ત્વને જાણીને તેનો આશ્રય કરો.

૨. મોક્ષને સાધવાનું મહાનકાર્ય શુદ્ધ સ્વદ્રવ્યના આશ્રયે જ થાય છે; તે કાર્ય બીજા કોઈના આશ્રયે થઈ શકતું નથી; માટે સ્વદ્રવ્ય જ સૌથી ઉત્તમ અને ઇષ્ટ છે.

૩. આત્માને અકષાયી શાંતિ ઇષ્ટ છે. અકષાય-શાંતિના વેદન પાસે તો પ્રશસ્તરાગનો કષાયકણ પણ અશાંતિરૂપ-ક્લેશરૂપ-આગરૂપ ભાસે છે. તીવ્રકષાયના વેદનવાળા જીવને મંદકષાય આગ જેવો ન લાગે, પણ કષાય વગરની શાંતિનું જેને વેદન છે તેને તો મંદકષાય પણ આગ જેવો લાગે છે.

‘શાંતિ’ અને ‘રાગ’ એ બંનેના વેદનમાં, ‘ઠરવું’ અને ‘બળવું’ જેટલું અંતર છે...એકમાં આત્મા ઠરે છે, બીજામાં આત્મા બળે છે.

૪. હે ગુરુદેવ! દુઃખમય એવા પંચમકાળને પણ, શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશ વડે આપે તો અમારા માટે આત્મ–આરાધનાનો આનંદમય ઉત્તમકાળ બનાવી દીધો છે. –આપના આત્માનો આ એક આશ્ચર્યકારી ચમત્કાર છે.



૫. આનંદનો નાથ આત્મા જાગે, ને ભવદુઃખનો અંત આવે એવી આ વાત છે. ભાઈ, તારો આત્મા સર્વથા અંતર્મુખ છે; અંતરમાં ઊંડે–ઊંડે ઊતરતાં રાગ–દ્વેષ વગરનું ચૈતન્યતત્ત્વ સુખસહિત પ્રકાશી રહ્યું છે; તેનું વેદન થતાં સંસારના કોઈ સુખની વાંછા રહેતી નથી. આવું તત્ત્વ ધર્માત્માને ગોચર છે, તેની હે જીવ! તું રુચિ કર.

૬. અહા, ગુરુદેવના પ્રતાપે અત્યારે આ પંચમકાળમાંય આપણને વારંવાર જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણક જોવા મળે છે. અત્યારે તો આપણે સ્થાપના–નિક્ષેપરૂપ પંચકલ્યાણક જોઈએ છીએ, ને થોડા વખત પછી, વિશેષ આરાધકભાવ સહિત

સાક્ષાત્ ભાવરૂપ પંચકલ્યાણક નજરે જોઈશું. ધન્ય હશે એ અવસર!

('જયવંત હો તીર્થંકરોનો અચિંત્ય પ્રભાવ!')

૭. દરિયામાં રત્નો ભર્યા હોય તે મેળવવા તેમાં ઊંડે ઊતરવું પડે છે; તેમ ચૈતન્ય–દરિયો અનંત ગુણનાં રત્નોથી ભરેલો, તેનું વેદન કરવા પુણ્ય–પાપથી પાર થઈને તેમાં ઊંડા ઊતરવું જોઈએ. શુભાશુભવડે તેની પ્રાપ્તિ ન થાય.

૮. આત્મા શેનો બનેલો હશે? તો સંતો કહે છે કે અહો, આત્મા તો આનંદનો બનેલો છે, સુખનો બનેલો છે, શાંતિનો બનેલો છે. 'બનેલો છે' એટલે કાંઈ નવો નથી બન્યો પણ પોતે એવા સ્વરૂપે જ છે. તેમાં અંદર ઊતરતાં આનંદનાં મોતી હાથમાં આવે છે,–અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે.

૯. રાગનાં મેલ ઉપર ચૈતન્યનો રંગ નહીં ચડે. અંતર્મુખ થયેલ, રાગવગરના શુદ્ધઉપયોગરૂપી સ્વચ્છ ભૂમિકા, તેમાં ચૈતન્યનો રંગ ચડે, ને ચૈતન્યનો રંગ ચડતાં તેમાં અનંતગુણના આનંદનો અપૂર્વ સ્વાદ વેદાય છે. બાપુ! તું રાગના રંગે રંગાઈ ગયો, તેથી તારા ચૈતન્યનો મધુર સ્વાદ તને ન આવ્યો.

૧૦. જ્ઞાની ધર્માત્મા બીજા જ્ઞાની–ગુરુની દશાને પણ ઓળખી લ્યે છે, એના અંતરમાં આનંદની કેવી દશા છે, એનું જ્ઞાન કેવું છે? એની શાંતિ કેવી છે? તેને ધર્માત્મા ઓળખી લ્યે છે.

૧૧. શ્રીગુરુના ઉપદેશથી જેવા અતીન્દ્રિય આનંદનો અનુભવ મને થયો છે તેવા અતીન્દ્રિય આનંદને વિશેષપણે દેવ–ગુરુઓ અનુભવી રહ્યા છે–એમ સ્વસંવેદન–પ્રત્યક્ષપૂર્વક ધર્મીજીવ દેવ–ગુરુને ઓળખી લ્યે છે.–ભલે તે દેવ–ગુરુ ક્ષેત્રથી દૂર હો, કે ઘણાં વર્ષો પહેલાં થઈ ગયા હોય, તોપણ વર્તમાન પોતાના સ્વસંવેદનના બળે દેવ–ગુરુની અંતરંગદશાને ધર્મીજીવ ઓળખી લ્યે છે.

૧૨. નિયમસારની ૭૭–૭૮–૭૯–૮૦–૮૧ એ પાંચ ગાથાને મુનિરાજે પંચરત્નો કહ્યા છે,–જે રત્નો વડે મોક્ષ મળે એવા આ મૂલ્યવાન રત્નો છો; આ પાંચ ગાથામાં જેવો શુદ્ધાત્મા બતાવ્યો છે તેવો ઓળખતાં જરૂર આત્માનો મહાન આનંદ અને સિદ્ધપદ પમાય છે.

૧૩. અહો, આ પાંચ ગાથા દ્વારા તો આચાર્યદેવે આત્માના અનુભવની વીણા વગાડી

છે...એ વીણામાંથી આત્માના આનંદના સૂર નીકળે છે જે સાંભળતાં શુદ્ધાત્માના અનુભવની મીઠાશથી મુમુક્ષુ આત્મા ડોલી ઊઠે છે.

૧૪. ભેદજ્ઞાનવડે જ્ઞાન અને રાગનો જેણે ભંગ કર્યો છે એવા ધર્માત્મા ભેદજ્ઞાની જાણે છે કે રાગ મારા સ્વભાવથી દૂર રહેનાર છે. મારી ચૈતન્ય ચેતનામાં રાગનો સ્પર્શ શોભતો નથી; રાગથી મારી ચેતના જુદી ને જુદી રહે છે. બાપુ! તારી ચેતનામાં રાગનો સ્પર્શ કરવા દઈશ તો તારી ચૈતન્યસંપદા લૂંટાઈ જશે–બગડી જશે.

૧૫. અહા, અનુભૂતિસ્વરૂપ આત્મા તો સદા ચેતનપણે જ વેદનમાં આવે છે. પણ અજ્ઞાની રાગના વેદનને પોતાનું વેદન માનીને, પોતાના સ્વસંવેદનથી ભ્રષ્ટ થઈ રહ્યો છે. અરે, રાગ તો તારી ચેતનાથી વિરુધ્ધ કાર્ય કરનારો છે. રાગનું કાર્ય અશુદ્ધ છે, દુઃખ છે; ચેતના તો દુઃખ વગરની, શુદ્ધ છે, શાંતિરૂપ છે.–આવું ભિન્નપણું જાણીને જીવ જ્યારે પોતાના સ્વરૂપને ચેતનારૂપે અનુભવે છે ત્યારે તેને સાધ્યની સિદ્ધિ થાય છે, એટલે મોક્ષમાર્ગ પ્રગટે છે.

૧૬. બાપુ! આ તારા મોક્ષના મારગડા સંતો તને બતાવે છે. જગતના મારગથી તે જુદી જાતના છે. વિકલ્પના રાગના માર્ગેથી તારા આત્માને પાછો વાળ, ને ચૈતન્યના માર્ગમાં જોડ. તને અપૂર્વ શાંતિના દરિયા તારામાં દેખાશે. અરે, શાંતિના ભંડાર ચૈતન્યરાજાને ઓળખીને એને સેવે, તો અપૂર્વ શાંતિ મળ્યા વગર રહે નહિ.

૧૭. આત્માનો અનુભવ કેમ કરવો? કે જ્ઞાનવડે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને, જ્ઞાનને ઇન્દ્રિયોથી પાર કરીને જ્ઞાનસ્વભાવની સન્મુખ થતાં વિજ્ઞાનઘન આનંદમય પ્રભુ આત્મા પ્રગટ અનુભવમાં આવે છે. વિકલ્પમાં ઊભા રહીને તે આત્મા અનુભવમાં આવી શકતો નથી.

૧૮. વિકલ્પથી પાર થયેલું અતીન્દ્રિય સ્વસંવેદન જ્ઞાન, તેમાં આત્મતત્ત્વ પ્રગટ અનુભવમાં આવ્યું, તેને જ સારભૂત સમય કહેવાય છે; તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન –આનંદ વગેરે અનંત આત્મભાવો સમાય છે; તે જ પક્ષાતિક્રાંત છે.

૧૯. તે અનુભવમાં સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન છે, મતિ–શ્રુતજ્ઞાન હોવા છતાં તેની કેટલી અતીન્દ્રિય તાકાત છે! તેની અજ્ઞાનીને ખબર નથી. તે મતિ–શ્રુતજ્ઞાન ઇન્દ્રિય વગર, ને રાગ વગર કામ કરનારા છે.

૨૦. અરે, જાતિસ્મરણજ્ઞાન થતાં પણ શ્રેયાંસકુમારે અસંખ્ય વર્ષ પહેલાંની વાત જાણી લીધી કે આ જીવ સાથે મારે પૂર્વ આવો સંબંધ હતો. શરીરાદિ સંયોગો પલટી જવા છતાં જ્ઞાનની તાકાતવડે જાણી લીધું કે પૂર્વે જે વજ્રજંઘ રાજા હતા, તે જ જીવ ઋષભદેવ છે. બહારમાં કોઈ નિશાની ન હતી છતાં જ્ઞાનના સામર્થ્યથી તે જાણી લીધું. એક પરસન્મુખ–પરોક્ષ મતિજ્ઞાનમાં જાતિસ્મરણની પણ આટલી તાકાત! તો ઇન્દ્રિયોથી પાર, પ્રત્યક્ષ–સ્વસન્મુખ અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાનની અગાધ તાકાતની તો શી વાત? અંદરમાં ઊતરેલું એ જ્ઞાન પોતાના પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે.–તે જ્ઞાન મોક્ષના દરવાજા ખોલી નાંખે છે.

૨૧. સ્વસંવેદન–પ્રત્યક્ષમાં પોતાના સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયોને આત્મા જાણે છે, – આખા આત્માને સ્વજ્ઞેયપણે જાણે છે. અરે, આવા સ્વજ્ઞેયને જાણવાનું કામ જે ન કરે, ને રાગના કામમાં અટકી જાય તે જ્ઞાન આત્માને ક્યાંથી સાધે? ને તેને સાચું જ્ઞાન કોણ કહે? સાચું જ્ઞાન તો તેને કહેવાય કે જે રાગથી ભિન્ન એવા શુદ્ધ જ્ઞાનમય આત્માને સ્વજ્ઞેયપણે પ્રસિદ્ધ કરે.

૨૨. શ્રેયાંસકુમારે ઋષભમુનિરાજને આહારદાન દેવાનો શુભભાવ કર્યો તેને લોકો દેખે છે, પણ તે દાનના શુભરાગ વખતે તેમનામાં જે રાગથી પાર આત્માને અનુભવનારું અતીન્દ્રિયજ્ઞાન વર્તતું હતું તે જ્ઞાનની અગાધ તાકાતને જ્ઞાની જ ઓળખે છે. દાનના શુભભાવને કારણે કંઈ તે મોક્ષ નથી પામ્યા, પણ તે વખતે રાગથી ભિન્ન જ્ઞાનવડે અતીન્દ્રિય આત્માને પકડીને તેના પ્રતાપે જ તેઓ મોક્ષ પામ્યા છે.

૨૩. જ્ઞાનને નહિ ઓળખનારા અજ્ઞાની જીવો બહારની ક્રિયાને કે શુભરાગને વળગીને તેને જ મોક્ષનું કારણ માની બેઠા છે, ને અંદરના સત્ય જ્ઞાનનો (એટલે કે જે સાચો મોક્ષમાર્ગ છે તેનો) નિષેધ કરી રહ્યા છે. એવા જીવો ઉપર જ્ઞાનીને કરુણા આવે છે; તેથી જ્ઞાનમય સાચો મોક્ષમાર્ગ જ્ઞાનીઓએ પ્રસિદ્ધ કર્યો છે. અહો, આવા માર્ગમાં તો અતીન્દ્રિય આનંદના તરંગ ઊછળે છે.

૨૪. અહા, ચૈતન્યરસના આનંદ–નિધાનની શી વાત? જગતના પુણ્યની અનંતી વખાર ભરીને આપે તોપણ જેની કિંમત ન થઈ શકે–અરે? જેની ઝાંઈ પણ ન આવી શકે, એવું અગાધ મહિમાવંત આ ચૈતન્યરત્ન છે. હા, સ્વતત્ત્વ તરફ

વળેલા સમ્યક્‌મતિ–શ્રુતજ્ઞાનવડે તેનો અગાધ મહિમા સાક્ષાત્ અનુભવમાં આવે છે, બીજી કોઈ રીતે ચૈતન્યરત્ન હાથ આવતું નથી.

૨૫. જો તારે ખરેખર સુખી થવું હોય, તારે સિદ્ધપદના માર્ગે આવવું હોય તો પહેલામાં પહેલાં સ્વસન્મુખ થઈને જ્ઞાનવડે આત્માને જાણ–એમ વીતરાગ સંતોનો ઉપદેશ છે.

૨૬. પહેલાં વિકલ્પ અને રાગવડે માર્ગ પમાશે એમ નથી. સ્વસન્મુખ થયેલ જ્ઞાન પોતે આનંદમાં તન્મય થઈને આનંદને અનુભવે છે. આનંદ કોઈકને થાય છે ને જ્ઞાન બીજા કોઈક ને થાય છે–એમ નથી. અભેદ અનુભૂતિમાં જ્ઞાન–આનંદ વગેરે અનંતભાવોનું એકસાથે વેદન છે.

૨૭. આ મોક્ષના અર્થી જીવની વાત છે. ભાઈ, આ જીવનમાં મારે મારું કલ્યાણ કરવું જ છે–એવી ઊંડી આત્મજિજ્ઞાસાપૂર્વક ચૈતન્યનો મહિમા ઘૂંટતાં–ઘૂટતાં તારા નિર્ણયમાં એમ આવે કે અહો ! હું જ સ્વયં પરિપૂર્ણ જ્ઞાન આનંદસ્વરૂપ છું; આવા નિર્ણયના જોરે અંતર્મુખ થતાં પ્રત્યક્ષ સ્વસંવેદન વડે આત્મઅનુભવ થાય છે, તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થતાં આત્મા પરમાત્માના પંથે ચડયો....મહાવીરના માર્ગે ચાલ્યો.

૨૮. આત્માને સાધતાં સાધતાં, વચ્ચે સાધકભૂમિકામાં રાગવડે તીર્થંકર નામકર્મ બંધાયું, પછી રાગનો નાશ કરીને કેવળજ્ઞાન થતાં તે તીર્થંકરપ્રકૃતિ ઉદયમાં આવી, ત્યારે દિવ્યધ્વનિમાં ભગવાને વીતરાગતાનો ઉપદેશ આપ્યો, આત્માને કેમ સાધવો તે બતાવ્યું. તે વાત અહીં સમયસારની ૧૭–૧૮ ગાથામાં આચાર્યદેવે બતાવી છે.

૨૯. પ્રથમ તો આત્માને ચૈતન્યસ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવી, કે જે આ ચૈતન્યભાવે અનુભવાય છે તે હું જ છું; ચૈતન્યથી ભિન્ન બીજા ભાવો તે હું નથી. –આવું ભેદજ્ઞાન કરીને નિઃશંક શ્રદ્ધા કરે તે જ જીવ, ચૈતન્યસ્વરૂપમાં નિઃશંકપણે ઠરીને તેને સાધી શકે છે.

૩૦. હે મુમુક્ષુ ! પહેલામાં પહેલું તારું કામ એ છે કે ચૈતન્યરાજાને ઓળખ ! ઓળખીને તેની સેવા કરતાં (–એટલે શ્રદ્ધા–તથા એકાગ્રતા કરતાં) તારો આનંદમય આત્મા તને અનુભવમાં આવશે.

૩૧. રાગની રમત છોડીને તારે આનંદની રમત રમવી હોય તો તું આત્માને જ્ઞાનસ્વરૂપે જાણીને અનુભવમાં લે. બાપુ! તારા આનંદના મારગડા રાગથી જુદા છે; જગતથી જુદા તારા આનંદના મારગ છે. અનંત આનંદનો સમુદ્ર અંદર છે તેમાંથી આનંદનો ધોધ બહાર (અનુભવમાં) આવે, એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે.

૩૨. સમયસાર એટલે આત્માની વાર્તા! આત્માનું જેવું સ્વરૂપ છે તેવું આ સમયસાર બતાવે છે. જેમ 'સાકર' શબ્દ સાકર–વસ્તુને બતાવે છે, પણ સાકર વસ્તુ તો તે વસ્તુમાં છે, 'સાકર' એવા શબ્દમાં તે વસ્તુ નથી; તેમ આત્મવસ્તુને બતાવનાર આ સમયસાર છે; પણ આત્મવસ્તુ તો પોતાના જ્ઞાનસ્વરૂપમાં છે, 'સમયસાર' ના શબ્દોમાં તે વસ્તુ નથી. સમયસાર તો તેનું વાચક છે. વાચ્ય વસ્તુ આત્મા તો અંદર પોતાના અંતરમાં છે.

૩૩. આવા જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા કેમ કરવી, આરાધના કેમ કરવી, તેનો આ ઉપદેશ છે. જ્ઞાનરૂપ થઈને જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા થાય છે, રાગવડે જ્ઞાનસ્વરૂપ આત્માની ઉપાસના–સેવા થતી નથી.–આમ શ્રીગુરુએ કહ્યું.

૩૪. હવે જિજ્ઞાસુ શિષ્ય એટલું તો સમજ્યો કે શ્રીગુરુ મને દેહ અને રાગથી પાર એવા જ્ઞાનની સેવા કરવાનું કહે છે; રાગની કે પરની સેવા વડે કલ્યાણ થવાનું શ્રીગુરુ કહેતા નથી.

૩૫. આટલું લક્ષમાં લઈને, હવે જ્ઞાનની સેવાનો ઉત્સુક થયેલો શિષ્ય પૂછે છે કે પ્રભો! આપે જ્ઞાનની સેવા કરવાનું કહ્યું, પરંતુ આત્મા તો સદાય જ્ઞાનસ્વરૂપ છે જ! પોતે જ જ્ઞાનસ્વરૂપ છે, પછી જ્ઞાનની સેવા કરવાનું ક્યાં રહ્યું? નિત્ય જ્ઞાનસ્વરૂપને તે સેવે જ છે; જ્ઞાનથી આત્મા જુદો તો નથી.–તો પછી જ્ઞાનની સેવાનો ઉપદેશ શા માટે કહો છો?

૩૬. જિજ્ઞાસુ શિષ્યના આવા પ્રશ્નના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! જોકે આત્મા નિત્ય જ્ઞાનસ્વરૂપ છે,–પણ તેના જ્ઞાનવગર તે જ્ઞાનને એકક્ષણ પણ સેવતો નથી, રાગાદિને જ પોતાપણે સેવે છે. જ્ઞાનની સેવા તો ત્યારે થાય કે જ્યારે જ્ઞાનસ્વરૂપ આત્માને રાગથી ભિન્ન જાણીને પોતે તેવી જ્ઞાનપર્યાયરૂપે પરિણમે. શ્રીગુરુના ઉપદેશપૂર્વક ભેદજ્ઞાન કરીને જીવ જ્ઞાનને સેવે છે. અથવા

ઉપદેશ પામ્યા પછી, નિસર્ગથી પોતે જ્ઞાનરૂપે પરિણમે ત્યારે તે જ્ઞાનને સેવે છે. આવા ભેદજ્ઞાન પહેલાં તો જીવ અજ્ઞાની જ છે, તે જ્ઞાનને સેવતો નથી.

૩૭. જ્ઞાનસ્વરૂપ આત્માની સમીપ થઈને, તેમાં અંતર્મુખ થઈને, તેમાં તન્મય પરિણમીને જ જ્ઞાનની સેવા થાય છે. તે જ સર્વ શ્રુતનો સાર છે, તે જ સર્વે સંતોની શિખામણ છે; તે જ આત્માને સાધવાની રીત છે. જૈન સિદ્ધાંતની આ ઊંચામાં ઊંચી વાત છે.

૩૮. આત્માનો અનુભવ કરીને વીતરાગી સંતો તેની રીત જગતને દેખાડે છે. જ્ઞાનની સેવા એ નવી શુદ્ધપર્યાય છે. તે પર્યાય (એટલે કે મોક્ષનો માર્ગ) સંતોના ઉપદેશરૂપ અધિગમથી, અથવા ઉપદેશ પામ્યા પછી નિસર્ગથી,–એમ કારણપૂર્વક તે જ્ઞાનસેવારૂપ કાર્ય થાય છે. ‘આત્મા નિત્ય જ્ઞાનસ્વરૂપ છે’ એમ ખરેખર જેણે જાણ્યું તેને જ્ઞાનની પર્યાય જ્ઞાનસન્મુખ ઢળી ગઈ ને રાગથી જુદી પડી ગઈ; ત્યારે જ તેણે જ્ઞાનની સેવા કરી છે.

૩૯. આત્મા જ્ઞાનસ્વરૂપ છે–એમ પહેલાં જાણ્યું ન હતું, ને હવે શ્રીગુરુના ઉપદેશપૂર્વક તે જાણ્યું; એટલે નિત્ય જ્ઞાનસ્વભાવ અને તેના તરફ ઢળેલી અનિત્ય જ્ઞાનપર્યાય–એ બંને તદ્રૂપ–અભેદ અનુભવમાં આવ્યા; આવો અનુભવ કર્યો ત્યારે જીવે જ્ઞાનની ખરી સેવા કરી; ત્યારે જ તેણે જ્ઞાનની ખરી ઉપાસના કરી; ત્યારે તે ભગવાનના મોક્ષમાર્ગમાં આવ્યો.

૪૦. આ રીતે એકક્ષણ પણ જો જીવ જ્ઞાનની સેવા કરે તો તેનું અપૂર્વ કલ્યાણ થઈ જાય અને આવા જ્ઞાનની સેવા વગર, બીજા લાખ ઉપાયે પણ જીવનું કલ્યાણ થાય નહિ.

૪૧. અરે જીવ! તું જાણનાર થઈને જાણનારને જાણ! પરને જાણવા માટે જે ઉત્સુકતા કરે છે તે છોડ, ને પરને જાણવા માટેની આંખ બંધ કરીને, સ્વને જાણવા માટે હજાર સૂર્ય જેવા જ્ઞાનચક્ષુને ખોલીને અંદરમાં દેખ! તારું અદ્ભુત જ્ઞાનસ્વરૂપ તને દેખાશે, ને તારા જન્મ–મરણ મટી જશે.

(વધુ માટે જુઓ પાનું ૨૯)



## ભગવાન મહાવીરનો ઇષ્ટ ઉપદેશ

# અહિંસા પરમો ધર્મ


ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવનું વર્ષ આપણે સૌ એવી રીતે ઉજવીએ કે મહાવીરપ્રભુએ બતાવેલો માર્ગ જૈનસમાજમાં ઘરેઘરે પ્રચાર પામે, ને જૈનસમાજનું નાનું બચ્ચું પણ મહાવીરપ્રભુના માર્ગને જાણે. નિર્વાણ–મહોત્સવનો મોટો મહેલ ચણવા માટેના પાયારૂપે જૈનસમાજમાં સર્વત્ર વીરમાર્ગનું સાચું તત્ત્વજ્ઞાન હોવું જરૂરી છે. તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે નાની પુસ્તિકાઓની શ્રેણી પ્રકાશિત કરવાની યોજના ‘અહિંસા પરમો ધર્મ’ નામના પુસ્તકના પ્રકાશન વડે શરૂ થઈ છે. તે પુસ્તિકાના લેખો સૌને ખૂબ ઉપયોગી હોવાથી અહીં આપવામાં આવ્યા છે. બંધુઓ, જગતના સામાન્ય જીવો (ગાંધીજી વગેરે) જેને અહિંસા માને છે તેના કરતાં, મહાવીરપ્રભુએ કહેલા અહિંસા ધર્મનું સ્વરૂપ તદ્દન અલૌકિક જુદી જાતનું છે. પ્રભુ મહાવીરના માર્ગને જગતના બીજા કોઈની સાથે સરખાવવો તે મહાવીરદેવનું અપમાન (અવર્ણવાદ) કરવા સમાન છે. મહાવીરના માર્ગને જગતમાં કોઈની સાથે સરખાવશો નહિ. આપણા મહાવીર ભગવાને જે લોકોત્તર અહિંસાધર્મ કહ્યો છે તે મોક્ષનું કારણ છે, તે અહિંસાધર્મનું સત્યસ્વરૂપ અહીં પ્રસિદ્ધ કર્યું છે. (સં.)

અહિંસા ધર્મ આખા જગતને પ્રિય છે; પણ તેનું સાચું સ્વરૂપ સમજનારા તો જગતમાં કોઈ વિરલા જ છે. અને તે અહિંસાનું સાચું સ્વરૂપ સમજ્યા વગર તેનું પાલન થઈ શકે નહીં; માટે અહિંસા–પ્રેમીએ તેનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ. ભગવાન મહાવીરના શાસનમાં પરમ અહિંસા ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવ્યું છે; તે અહીં કહીએ છીએ:–

## પ્રથમ તો અહિંસાધર્મ એટલે શું ?

* મહાવીરપ્રભુના શાસનમાં પરમ અહિંસા–ધર્મ તેને કહ્યો છે કે જેના સેવનથી જરૂર મોક્ષ થાય. અને આત્માનો સ્વભાવ હણાય નહીં.

* તથા હિંસા તેને કહે છે કે જેનાથી આત્માનો સ્વભાવ હણાય અને સંસારમાં ભવ કરવો પડે. ( પછી તે ભવ સુગતિનો હો કે દુર્ગતિનો હો. ) આ રીતે અહિંસા તે મોક્ષનું કારણ છે, અને હિંસા તે સંસારનું કારણ છે.




* સંસારની ગતિના મુખ્ય બે પ્રકાર: સુગતિ અને દુર્ગતિ

* હિંસાના પણ બે પ્રકાર –

૧. શુભભાવજનિત અર્થાત્ પ્રશસ્તકષાયરૂપ હિંસા.

૨. અશુભભાવજનિત અર્થાત્ અપ્રશસ્તકષાયરૂપ હિંસા.

આ રીતે જીવના અકષાય કે સકષાય ( વીતરાગ કે રાગાદિ ) પરિણામ સાથે અહિંસા કે હિંસાનો સંબંધ છે. પણ પરજીવના જીવન કે મરણની સાથે આ જીવની અહિંસા કે

હિંસાનો સંબંધ નથી. એટલે પરજીવનું જીવન કે મરણ તેના આયુષ્યઅનુસાર થાઓ, પણ જે જીવને અકષાય–વીતરાગભાવ છે તે જીવ અહિંસક છે, અને જે જીવને સકષાય–રાગાદિભાવ છે તે જીવ હિંસક છે. આ ભગવાન વીરનાથે જૈનશાસનમાં કહેલો અહિંસા અને હિંસાનો મહાન સિદ્ધાંત છે. તેમાં જે રાગાદિ હિંસા છે તે અધર્મ છે, અને વીતરાગભાવરૂપ જે અહિંસા છે તે પરમધર્મ છે. આવા અહિંસા ધર્મનો ઉપદેશ તે સર્વે જીવોને માટે હિતકારી હોવાથી, તે જ 'ઇષ્ટ–ઉપદેશ' છે, તે જ ભગવાન મહાવીરનો ઉપદેશ છે.

વીતરાગભાવરૂપ અહિંસા તે ઇષ્ટ ફળવાળી છે,

ને મોક્ષ તે ઇષ્ટ છે.

રાગાદિભાવરૂપ હિંસા તે અનીષ્ટ ફળવાળી છે,

ને સંસાર તે અનીષ્ટ છે.

## હવે આવી અહિંસા તથા હિંસાનું સ્વરૂપ વધુ સ્પષ્ટ સમજવા માટે દ્રષ્ટાંત લઈએ:-

એક જંગલમાં ૪૦ લૂટારાઓ રહેતા હતા; તેઓ ક્રૂર પરિણામી અને માંસાહારી હતા. જંગલમાં શિકારની શોધમાં તેઓ ફરતા હતા.

એવામાં એક ધર્માત્મા–સંત તે જંગલમાંથી પસાર થતા હતા; આત્માને જાણનારા ને વીતરાગભાવમાં મહાલનારા તે સંત, દુષ્ટ લૂટારાઓની નજરે પડયા, એટલે તેમને મારી નાંખવા અને તેમનું માંસ ખાવા તે લૂટારાઓ તેમની પાછળ પડયા.

ધર્માત્મા–સંત–મુનિ તો ઉપસર્ગ સમજીને શાંતિથી ધ્યાનમાં બેસી ગયા. લૂટારાઓ તેમને પકડીને મારવાની તૈયારીમાં હતા....પણ–

એ જ વખતે ત્યાં એક રાજા આવી ચડયો; રાજા સજ્જન હતો ને બહાદૂર હતો. મુનિને અને લૂટારાઓને દેખીને તે તરત પરિસ્થિતિ સમજી ગયો. દુષ્ટ લૂટારાઓના પંજામાંથી મુનિની રક્ષા કરવા તેણે લૂટારાઓને ઘણા સમજાવ્યા કે આ નિર્દોષ ધર્માત્માને હેરાન ન કરો. પણ માંસના લોભી દુષ્ટ લૂટારાઓ કોઈ રીતે માન્યા નહિ, ને તેમણે તો મુનિને મારવાની તૈયારી કરી.

ત્યારે રાજાથી રહેવાયું નહિ; તેણે મુનિની રક્ષા કરવા લૂટારાઓનો સામનો કર્યો, ચાલીસ લૂટારાઓ પણ એકસાથે રાજા ઉપર તૂટી પડયા. પણ બહાદૂર રાજાએ તે બધા

લૂટારાઓને મારીને મુનિની રક્ષા કરી. લૂટારાઓ ન મુનિને મારી શક્યા, કે ન રાજાને મારી શક્યા.

હવે આપણે અહીં બે વાત વિચારવાની છે–

૧. રાજાદ્વારા તો ચાલીસ લૂટારાઓ હણાયા.

૨. લૂટારાઓ વડે એક પણ માણસ હણાયો નહિ.

–તો હવે તે બેમાંથી વધારે હિંસક તમે કોને માનશો ?

રાજાને વધુ હિંસક કહેશો ? કે લૂટારાઓને ?

ચોક્કસપણે તમે લૂટારાઓને જ વધુ હિંસક કહેશો; ને રાજાને હિંસક નહીં કહો, પણ તેના કાર્યની પ્રશંસા કરશો.

૧. ૪૦ માણસો માર્યા ગયા છતાં તે રાજાને ઓછી હિંસા કેમ ગણી ?

૨. અને કોઈ માણસ ન મરવા છતાં તે લૂટારાઓને વધુ હિંસા કેમ ગણી ?

૩. મુનિરાજ તો બંને પ્રત્યે તટસ્થ, રાગ–દ્વેષ વગરના છે તેથી તેઓ વીતરાગી–અહિંસક છે.


વિચાર કરતાં ઉપરના પ્રશ્નોનો ખુલાસો નીચે મુજબ આવશે.

“વધુ જીવ મરે માટે વધુ હિંસા, ને ઓછા જીવ મરે ત્યાં ઓછી હિંસા”–એવો નિયમ નથી. જો એમ હોત તો રાજા જ વધારે હિંસક ઠરત. પણ એમ નથી. ત્યારે કેમ છે ?

**વધુ કષાય ત્યાં વધુ હિંસા; ઓછો કષાય ત્યાં ઓછી હિંસા;**

**ને અકષાયરૂપ વીતરાગભાવ ત્યાં અહિંસા-એમ સિદ્ધાંત છે.**

* લૂટારાઓએ મુનિને મારવાના ભાવનો ઘણો કષાય કર્યો તેથી તેને વધુ હિંસા લાગી.
* રાજાએ ઓછો કષાય કર્યો માટે તેને ઓછી હિંસા લાગી. જોકે તેને મુનિને બચાવવાનો શુભભાવ હતો, પરંતુ તેણે જેટલો કષાય કર્યો તેટલી તો હિંસા જ થઈ, કેમકે કષાય પોતે જ હિંસા છે.
* જેમણે રાગ–દ્વેષ ન કર્યો એવા મુનિરાજ પરમ–અહિંસક રહ્યા; કેમકે વીતરાગભાવ તે જ અહિંસા છે; ને રાગાદિ તે હિંસા છે.



૧. રાજા દ્વારા ૪૦ લૂટારાનું મરણ થવા છતાં તેને ઓછી હિંસા લાગી અને તે સ્વર્ગમાં ગયો.

૨. લૂટારાઓ દ્વારા કોઈ ન મર્યું છતાં તેઓને તીવ્ર હિંસા લાગી અને નરકમાં ગયા.

૩. વીતરાગભાવમાં સ્થિત મુનિરાજ અહિંસક રહ્યા ને મોક્ષ પામ્યા.

આ ઉપરથી નક્કી થાય છે કે જેટલો રાગ તેટલી હિંસા છે; અને જે વીતરાગભાવ છે તે જ અહિંસા છે. આ અહિંસા તે મોક્ષનું કારણ હોવાથી પરમ ધર્મ છે.

હિંસા–અહિંસાનો આ અબાધિત નિયમ મહાવીર પ્રભુએ જૈનસિદ્ધાંતમાં કેવી સુંદર રીતે સમજાવ્યો છે! તે જુઓ–

अप्रादुर्भावः खलु रागादीनां भवति अहिंसेति।
तेषामेवोत्पत्तिः हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।
રાગાદિનો જ્યાં અંશ નહીં, બસ! તે અહિંસા જાણવી;
રાગાદિની જે ઉત્પત્તિ હિંસા જરૂર તે જાણવી.
જિનવરકથિત આગમ તણો રે! આ જ ટૂંકો સાર છે,
પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં અમૃતસૂરિનું વચન છે.

જીવમાં રાગાદિભાવોની ઉત્પત્તિ ન થવી તે ખરેખર અહિંસા છે; અને રાગાદિ ભાવોની ઉત્પત્તિ તે હિંસા છે; આ જિનાગમનો સાર છે.

卐 જ્યાં કષાયસહિતયોગથી દ્રવ્ય–ભાવરૂપ પ્રાણોનો ઘાત છે ત્યાં ચોક્કસ હિંસા છે.

卐 જે સત્પુરુષને યોગ્યઆચરણ છે અને રાગાદિ કષાયનો અભાવ છે તેને, માત્ર પ્રાણઘાત વડે કદી હિંસા થતી નથી.

卐 અને જ્યાં રાગાદિકષાયવશ પ્રમાદપ્રવૃત્તિ છે ત્યાં, જીવ મરો કે ન મરો તોપણ, ચોક્કસ હિંસા છે. કેમકે

卐 સકષાયજીવ, કષાય વડે પ્રથમ પોતે પોતાના આત્માના ચૈતન્ય–પ્રાણને તો હણે જ છે,–પછી બીજા જીવોની હિંસા તો થાય કે ન થાય.

卐 પરવસ્તુના કારણે જીવને સૂક્ષ્મ પણ હિંસા થતી નથી; પોતાના કષાય ભાવથી જ હિંસા થાય છે.

હિંસા–અહિંસા સંબંધી આ વસ્તુસ્વરૂપનો નિયમ છે, અને આ જૈનસિદ્ધાંતનું ટૂંકું રહસ્ય છે.

अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।
एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।।२६२।।
મારો ન મારો જીવને છે બંધ અધ્યવસાનથી;
–આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી.

સમયસારની આ ગાથામાં શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે–પરજીવોનું જીવન કે મરણ તો તેમના કર્મના ઉદયઅનુસાર થાઓ કે ન થાઓ, પણ તેમને મારવાનો કે જીવાડવાનો જે અધ્યવસાય છે તે જ નિશ્ચયથી જીવને બંધનું કારણ થાય છે.

હિંસા–અહિંસાનું આવું સૂક્ષ્મસ્વરૂપ માત્ર જૈનશાસનમાં જ છે,–કેમકે જીવના સાચા ચૈતન્યપ્રાણ, અને રાગાદિનું ભિન્નપણું જૈનશાસનમાં જ બતાવ્યું છે, અન્ય મિથ્યામતી જીવો હિંસા–અહિંસાનું સાચું સ્વરૂપ ઓળખી શકતા નથી, કેમકે જીવના ચૈતન્યપ્રાણની અને રાગની ભિન્નતાને તેઓ જાણતા નથી.

## આ મહત્ત્વનો વિષય વધુ સ્પષ્ટ સમજવા માટે આપણે એક બીજો દાખલો પાંડવોનો લઈએ-

યુધિષ્ઠિર–ભીમ–અર્જુન તથા નકુલ–સહદેવ એ પાંચ પાંડવોએ જ્યારે દગ્ધ થયેલી શ્રીકૃષ્ણની દ્વારકાનગરીને દેખી ત્યારે સંસારની આવી ક્ષણભંગુરતા દેખીને તેમનું ચિત્ત ઉદાસ થયું અને નેમપ્રભુના સમવસરણમાં આવ્યા; પ્રભુના શ્રીમુખથી ધર્મોપદેશ સાંભળીને તેઓ સંસારથી વિરક્ત થયા અને મુનિદશા પ્રગટ કરી. આત્મધ્યાનપૂર્વક દેશોદેશ વિચરતા–વિચરતા તેઓ સોનગઢની નજીક આવેલા શત્રુંજયગિરિ–સિદ્ધક્ષેત્ર પર પધાર્યા; અનેક ભક્તજનોએ અત્યંત હર્ષપૂર્વક પાંડવ–મુનિભગવંતોનાં દર્શન કર્યા. પણ દુર્યોધનના ભાણેજના મનમાં પાંડવોને દેખીને એવો દુષ્ટ વિચાર આવ્યો કે આ પાંડવોએ મારા મામાનો નાશ કર્યો છે માટે અત્યારે હું તેનું વેર લઉં; કેમકે અત્યારે મુનિદશામાં તેઓ કાંઈ પ્રતિકાર નહીં કરે.–આવા દુષ્ટ વિચારપૂર્વક તેણે લોખંડના ધખધખતા દાગીના પાંડવોના શરીરમાં પહેરાવ્યા, ને એ રીતે તેમને જીવતા બાળી નાંખવાનો ઘોર ઉપસર્ગ કર્યો. માથા પર ધગધગતા લોઢાના મુગટ પહેરાવ્યા તેથી માથું સળગવા લાગ્યું; હાથ–પગના દાગીનાથી હાથ–પગ સળગવા માંડયા. તે વખતે–

૧. યુધિષ્ઠિર–ભીમ–અર્જુન તો ચિદાનંદતત્ત્વની શાંત અનુભૂતિમાં એવા લીન થઈ ગયા કે ઉપસર્ગ ઉપર લક્ષ પણ ન ગયું. અગ્નિના ભડકા વચ્ચે પણ ચૈતન્યના શાંતરસમાં તેઓ એવા ઠરી ગયા કે તે જ વખતે ક્ષપકશ્રેણી માંડી, સંપૂર્ણ વીતરાગ થઈ, કેવળજ્ઞાન પામ્યા, અને તત્ક્ષણ મોક્ષ પામ્યા. તેમને રાગની ઉત્પત્તિ થઈ જ નહિ, તેથી તેઓ પરમ અહિંસક રહ્યા; તેમનો ચૈતન્યભાવ જરાય હણાયો નહિ.

૨. બીજી તરફ નકુલ અને સહદેવ એ બે ભાઈઓએ જો કે શાંતિથી ઉપસર્ગ સહન કર્યો, દુશ્મન ઉપર ક્રોધ ન કર્યો; પણ તેમને એટલી વૃત્તિ ઊઠી કે આ ઉપસર્ગમાં




શત્રુંજયગિરિ પર પાંચ પાંડવો ધ્યાનમાં ઉભા છે. તેમાંથી ત્રણ તો વીતરાગી અહિંસા વડે મોક્ષ પામ્યા. અને બે પાંડવોને સૂક્ષ્મરાગરૂપ હિંસા રહી જવાથી સંસારમાં ભવ કરવો પડયો.

આ દ્રષ્ટાંત એમ સિદ્ધ કરે છે કે કોઈ પણ પ્રસંગે વીતરાગભાવરૂપ શાંતિ તે જ ઉત્કૃષ્ટ ધર્મ છે અને તે જ ઇષ્ટ છે. રાગ, ભલે ગમે તે કોટીનો હો પણ તે ઇષ્ટ નથી, તેમાં શાંતિ નથી, એટલે તે અહિંસા નથી.

અમારા મોટા ભાઈઓનું શું થતું હશે ?–આ પ્રકારે સંજ્વલનરૂપ બંધ–મોહ રહી ગયો એટલે એટલા રાગની ઉત્પત્તિ થઈ, ને તેઓ વીતરાગપણે રહી ન શક્યા, કેવળજ્ઞાન ન પામ્યા; પણ એટલા વિકલ્પ પૂરતી ચૈતન્યભાવની સૂક્ષ્મહિંસાને લીધે તેમને સંસારમાં સર્વાર્થસિદ્ધિનો ભવ થયો. ( મોક્ષ ન થયો, પણ ભવ થયો. )

હા, તેમણે વિશેષ ઉદ્વેગ ન કર્યો, તેમજ પાંડવોને બચાવવાની ચેષ્ટા કરી નહિ; એટલી વીતરાગતા તેમને હતી, ને તે અહિંસા હતી.

૩. ત્રીજા કોઈ જીવો એવા હતા કે જેમણે આ ઉપસર્ગ દેખીને, ઉપસર્ગ કરનાર ઉપર તીવ્ર ક્રોધ કર્યો તથા પાંડવોને બળતા દેખીને ખૂબ ઉદ્વેગ કર્યો, ભક્તિથી તેમને બચાવવાની ચેષ્ટા કરી.

આ જીવોએ, કોઈ જીવને હણ્યો ન હોવા છતાં, જેટલા ક્રોધાદિ ભાવ કર્યા તેટલે અંશે ચૈતન્યભાવની હિંસા કરી. એટલે ઉપરના બે નંબરવાળા જીવો કરતાં આ જીવોને વધુ હિંસા છે. તેમના પરિણામ શુભ હોવા છતાં આપણે તેમને અહિંસક નહીં કહીએ, કેમકે અહિંસા તો આપણે વીતરાગભાવને જ સ્વીકારેલ છે. એટલે–

* જીવ બચાવવાના ઉદ્વેગ પરિણામવાળો જીવ પૂરો અહિંસક નથી.

* પણ સ્વરૂપમાં સ્થિર વીતરાગ–પરિણામવાળો જીવ જ પૂરો અહિંસક છે.

૪. ચોથો જીવ–કે જેને મુનિને મારી નાંખવાના ક્રૂર પરિણામ હતા, તેની તો શી વાત ? તેને તો તીવ્ર હિંસા છે.

આ પ્રમાણે જીવના સરાગ કે વીતરાગ પરિણામ અનુસાર હિંસા–અહિંસા છે; અને તેમાં પણ મિથ્યાત્વ તે સૌથી મોટી હિંસા છે.

જૈનસિદ્ધાંત–અનુસાર હિંસા–અહિંસાનું આવું સત્ય–સ્વરૂપ જે નથી જાણતો, તે વીતરાગભાવરૂપ અહિંસા ધર્મને ઓળખતો નથી, અને રાગાદિ હિંસાભાવો–કે જેના વડે જીવના ચૈતન્યપ્રાણ હણાય છે–તે રાગને ( શુભરાગને ) તે અહિંસા–ધર્મ માને છે. આ રીતે હિંસાને જ તે અહિંસા માનતો હોવાથી તે જીવને મિથ્યાત્વ છે, ને મિથ્યાત્વ તે સૌથી મોટી હિંસાનું સેવન છે. જેણે હિંસાને જ અહિંસા માની લીધી ( રાગને જ વીતરાગતા માની લીધી )–એના જેવું મોટું પાપ બીજું કયું હોઈ શકે ?

**માટે જેણે સાચા અહિંસક થવું હોય તેણે-**

* કોઈ પણ રાગને પરમધર્મરૂપ અહિંસા માનવી ન જોઈએ.

* જેટલો રાગ તેટલી હિંસા–એમ સમજીને તેને છોડવી જોઈએ.

* અને જેટલી વીતરાગતા તેટલી અહિંસા–એમ સમજીને તેને આદરવી જોઈએ.

આવી વીતરાગી અહિંસા વડે જ ભવથી તરાય છે.

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**

( પંચાસ્તિકાય–૧૭૨ )

આવી વીતરાગી અહિંસા તે વીરનો ધર્મ છે.

**વીરની વીતરાગી અહિંસાનો જય હો.**

卐 卐 卐 卐 卐

# અહિંસા પરમ ધર્મ છે

## તે સમજાવવા એક વધુ દ્રષ્ટાંત

૧. એક જંગલની એક રમણીયગૂફામાં ભદ્રપરિણામી એક સુવર ( ભૂંડ ) રહેતું હતું.

૨. તે જંગલમાં એક વાઘ રહેતો હતો, તે ક્રૂરપરિણામી હતો.

૩. એક વીતરાગી મુનિરાજ વિચરતા–વિચરતા તે જંગલમાં આવ્યા; ને જે ગૂફામાં સુવર રહેતું હતું તે ગૂફામાં બિરાજમાન થઈને શુદ્ધોપયોગ વડે આત્મધ્યાન કરવા લાગ્યા.

મુનિરાજને ગૂફામાં દેખીને–

૧. ભદ્રપરિણામી ભૂંડને એવો શુભ વિચાર આવ્યો કે અહા, આ કોઈ વીતરાગી મહાત્મા મારી ગૂફામાં પધાર્યા છે, એમને દેખતાં જ કોઈ અપૂર્વ શાંતિ થાય છે. એમના પધારવાથી મારી ગૂફા ધન્ય થઈ...હું કઈ રીતે તેમની સેવા કરું! એવા શુભભાવપૂર્વક તે ભૂંડ ગૂફાના દરવાજે બેસીને મુનિરાજની રક્ષા કરતું હતું.

૨. તે જ વખતે પાસે રહેલા વાઘને એવો અશુભ ભાવ થયો કે હું આ મનુષ્યને મારીને ખાઈ જાઉં.

૩. તે જ વખતે શુદ્ધોપયોગમાં લીન તે મુનિરાજ, નથી તો ભૂંડ ઉપર રાગ કરતા, કે નથી વાઘ ઉપર દ્વેષ કરતા–એ તો વીતરાગ છે.

મુનિરાજને ખાઈ જવા માટે વાઘ ગૂફા પાસે આવ્યો. ભૂંડને તેનો ખ્યાલ આવી ગયો એટલે તરત જ વચ્ચે આવીને તેણે વાઘને રોક્યો.

વાઘ એના પર તૂટી પડયો....વાઘ અને ભૂંડ બંને લડયા; ખૂબ લડયા. ક્રૂર વાઘની સામે પણ ભૂંડે બરાબર ટક્કર ઝીલી; તેના મનમાં એક જ ધૂન હતી કે પ્રાણ આપીને પણ હું મુનિને બચાવીશ. બંને ખૂબ લડે છે,–એક તો મુનિના રક્ષણ માટે લડે છે, ને બીજો મુનિના ભક્ષણ માટે લડે છે. લડતાં–લડતાં બંનેએ એક–બીજાને મારી નાંખ્યા... બંનેએ એકબીજાની હિંસા કરી. વાઘ તો મરીને દુર્ગતિ ગયો; સુવર મરીને સુગતિમાં ગયું; મુનિરાજ તો ધ્યાનમાં જ વીતરાગપણે બિરાજી રહ્યા ને કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષગતિ પામ્યા.

## હવે તેનું પૃથક્કરણ

આ દ્રષ્ટાંતમાં ત્રણ પાત્રો છેઃ–

( ૧ ) સુવરનો જીવઃ– જે મુનિને બચાવવાના પ્રશસ્ત રાગ–કષાયમાં વર્તે છે.

( ૨ ) વાઘનો જીવ ઃ– જે મુનિરાજને મારવાના અપ્રશસ્ત દ્વેષકષાયમાં વર્તે છે.

( ૩ ) મુનિરાજ ઃ– જેઓ અકષાય વીતરાગભાવમાં વર્તે છે.

હવે આમાં હિંસા–અહિંસા કયા પ્રકારે છે તે જોવા માટે, જ્યારે આપણે સુવર અને વાઘની સરખામણી કરશું ત્યારે વાઘ કરતાં સુવરના ભાવ સારા છે, એટલે વાઘ કરતાં તે સુવરની આપણે પ્રશંસા કરીશું.

મુનિની હિંસા ન થઈ તોપણ વાઘને પોતાના ક્રૂર પરિણામને લીધે હિંસાનું પાપ લાગી જ ગયું ને તે દુર્ગતિમાં ગયો. વાઘની હિંસા થઈ છતાં ભૂંડ પોતાના શુભ પરિણામને લીધે સુગતિમાં ગયું. એટલે બાહ્ય જીવોનું જીવન–મરણ તે હિંસા–અહિંસાનું કારણ નથી પણ જીવનો ભાવ જ હિંસા–અહિંસાનું કારણ છે. આ દ્રષ્ટાંતમાં મુનિની હિંસા ભલે ન થઈ તોપણ તેને મારી નાખવાના વાઘના હિંસકભાવને તો કોઈપણ રીતે સારો નહિ જ કહેવાય. મુનિને મારવાની અપેક્ષાએ મુનિને બચાવવાનો રાગભાવ જરૂર પ્રશંસનીય છે.

– પણ –

હજી આપણી વાત અધૂરી છે; કેમકે હજી ત્રીજા પાત્રને ભેળવવાનું બાકી છે.

**આ એક જ ચિત્રમાં, સંસારની ચારગતિ અને મોક્ષરૂપ પંચમગતિ આપ જોઈ શકશો. તેનાં કારણનો વિચાર કરશો તો તમને અહિંસાધર્મનું રહસ્ય સમજાશે.**



( ૧ ) પ્રશસ્તકષાયરૂપ હિંસાવાળા ભૂંડને સ્વર્ગમાં ભવ.

( ૨ ) અપ્રશસ્તકષાયરૂપ હિંસાવાળા વાઘને નરકમાં ભવ.

( ૩ ) કષાયરહિત વીતરાગી અહિંસક મુનિરાજનું મોક્ષગમન.

જ્યારે આપણે મુનિરાજને પણ સાથે રાખીને સરખામણી કરશું ત્યારે બેધડકપણે દેખાશે કે, વીતરાગભાવમાં બિરાજમાન મુનિરાજનું કાર્ય તે જ શ્રેષ્ઠ કાર્ય છે, તે જ અત્યંત પ્રશંસનીય છે, ને તે વીતરાગભાવની સરખામણીમાં ભૂંડનો પ્રશસ્તરાગ પણ પ્રશંસનીય નથી.

મુનિરાજનો વીતરાગભાવ જ પરમ અહિંસારૂપ હોવાથી તેને આપણે પ્રશંસનીય કહેશું, ને તેને જ મોક્ષનું કારણ કહેશું.

તે વીતરાગભાવની સામે ભૂંડના રાગભાવને આપણે 'પરમ' અહિંસા નહીં કહીએ, અપિતુ તેને પણ 'હિંસા' ની કક્ષામાં મુકીશું. ભલે તે રાગને 'પ્રશસ્ત' વિશેષણ લગાડીએ તોપણ તેને હિંસા તો કહેવી જ પડશે, કેમકે જેટલો રાગ છે તેટલી હિંસા છે. પીત્તળને પ્રશસ્ત વિશેષણ લગાડીને 'પ્રશસ્ત–પીત્તળ' એમ કહીએ તેથી કાંઈ તે સુવર્ણની જાતમાં તો ન જ આવે; તેમ કોઈ રાગાદિ–હિંસાને પ્રશસ્ત વિશેષણ લગાડીએ તેથી કાંઈ તે 'અહિંસા' ન બની જાય.

એટલે શુભરાગવાળો તે ભૂંડનો જીવ પણ, આગળ વધીને જ્યારે રાગ વગરનો ચૈતન્યભાવ પ્રગટ કરશે ત્યારે જ તે વીતરાગભાવરૂપ અહિંસા–ધર્મમાં આવશે, ને તે પરમ અહિંસા ધર્મ વડે તે મોક્ષને સાધશે. આ રીતે " अहिंसा परमो धर्मः " છે.

મુનિના વીતરાગભાવને અને ભૂંડના રાગભાવને આપણે એકકક્ષામાં નહીં મુકી શકીએ, કેમકે બંનેની જાત એકબીજાથી વિરુધ્ધ છે.

મુનિને મારવાના ભાવની અપેક્ષાએ બચાવવાનો ભાવ તે ઉત્તમ હોવા છતાં, બંનેની એક કક્ષા છે. (જેમ એક જ વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓમાં એક પહેલો નંબર હોય ને એક છેલ્લો નંબર હોય,–પણ બંનેની કક્ષા એક જ છે–તેમ.) વાઘ અને ભૂંડ બંનેમાં જેટલા રાગાદિ કષાયભાવો છે તેટલી હિંસા છે; ને જે હિંસા છે તે અહિંસા નથી એટલે ધર્મ નથી.

મુનિરાજનો વીતરાગભાવ તે અહિંસા છે, ને તે ધર્મ છે.

**આવા વીતરાગ અહિંસા ધર્મનો જય હો.**

* * * * *

## પરમ અહિંસા ધર્મનો મૂળ પાયો

# ભેદવિજ્ઞાન

ભગવાન મહાવીરે કહેલા ‘પરમ અહિંસાધર્મ’ને જાણવા માટે, અને તેનું પાલન કરવા માટે, મુમુક્ષુ જીવે પ્રથમ તો ચૈતન્યઉપયોગ અને રાગ એ બંનેનું અત્યંત ભિન્નપણું જાણવું જોઈએ. ભિન્નપણું જાણે તો જ રાગ વગરના શુદ્ધઉપયોગરૂપ અહિંસાધર્મને સાધી શકે.



એવું ભિન્નપણું કયા પ્રકારે જાણવું? એમ અંતરમાં જિજ્ઞાસા જાગે તો, –ભગવાન મહાવીરે અને તેમના શાસનમાં થયેલા સંતોએ તેવું ભિન્નપણું પોતાના આત્મામાં સાક્ષાત્ અનુભવીને આગમમાં પણ સ્પષ્ટ બતાવ્યું છે; તે અહીં કહીએ છીએઃ–

सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।
कह सो पुग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।

**સર્વજ્ઞ-જ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે;**
**તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે ‘મારું આ’ તું કહે અરે ?**

શરીરથી ને રાગાદિભાવોથી ભિન્ન, ચૈતન્યમય આત્મતત્ત્વને જે જાણતો નથી અને રાગાદિ–સંયુક્ત જીવને જ અનુભવે છે એવા અપ્રતિબુદ્ધ–જિજ્ઞાસુને, આચાર્યદેવ સર્વજ્ઞ–જ્ઞાનની સાક્ષીથી અને પોતાના સ્વાનુભવથી પ્રતિબોધે છે કેઃ હે ભાઈ, ‘જે નિત્ય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે’ એમ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે, આગમમાં પણ ભગવાને સ્પષ્ટ એમ પ્રકાશ્યું છે, ને અનુભવમાં પણ જીવ પણ સદા જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય છે. પોતાનું ઉપયોગપણું છોડીને જીવ કદી પુદ્‌ગલરૂપ તો થઈ જતો નથી; જેમ અંધકારને અને પ્રકાશને એકપણું નથી પણ જુદાપણું જ છે, તેમ ચેતનપ્રકાશ વગરના એવા રાગાદિભાવોને અને ચેતનપ્રકાશરૂપ ઉપયોગને કદી એકપણું નથી પણ સદા જુદાપણું જ છે. આમ તારા ઉપયોગલક્ષણ વડે તારા જીવને તું સમસ્ત જડથી ને રાગથી જુદો જાણ, ને ઉપયોગસ્વરૂપે જ પોતાને અનુભવમાં લઈને હે જીવ ! તું અત્યંત પ્રસન્ન થા....આનંદિત થા.

અરે, અત્યાર સુધી ઉપયોગસ્વરૂપને ભૂલીને, રાગાદિરૂપે જ મેં મને માનીને મારી હિંસા કરી ને તેથી ચારગતિમાં હું દુઃખી થયો. પણ હવે સર્વજ્ઞમાર્ગી શ્રીગુરુઓના પ્રતાપે મારા સ્વતત્ત્વનું મને ભાન થયું કે અહો ! હું તો સદા ઉપયોગસ્વરૂપ જ રહ્યો છું; મારું ઉપયોગસ્વરૂપ હણાયું નથી.–આમ ઉપયોગસ્વરૂપની અનુભૂતિ રાગાદિથી અત્યંત ભિન્ન હોવાથી તે પરમ અહિંસારૂપ છે, એટલે ઉપયોગસ્વરૂપનો અનુભવ ( શુદ્ધઉપયોગ ) તે જ પરમ અહિંસાધર્મ છે.

સર્વમાન્ય મોક્ષશાસ્ત્રમાં શ્રી ઉમાસ્વામી કહે છે કેઃ–

**‘ઉપયોગો લક્ષણમ્ ’**

ઉપયોગ જેનું લક્ષણ છે તે જીવ છે. જીવને પોતાના ઉપયોગસ્વરૂપમાં સદા તન્મયપણું છે, રાગાદિના કે શરીરાદિમાં તેને તન્મયપણું નથી. તે ઉપયોગ કોઈથી રચાયેલો નથી, પોતાનું સત્‌પણું ટકાવવા તે કોઈ ઇન્દ્રિયોની કે રાગની અપેક્ષા રાખતો નથી; ઇન્દ્રિયો કે રાગ વગર તે સ્વયંસિદ્ધ જીવનું સ્વરૂપ છે.

**卐 ઉપયોગ કહો કે ચેતના કહો-**

તે ચેતનાનું રાગરહિત નિર્મળ પરિણમન, એટલે કે શુદ્ધચેતના તે અહિંસા છે,

તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે. અને તે ચેતનામાં રાગાદિ અશુદ્ધપરિણમન તે હિંસા છે, તે સંસારનું કારણ છે.

卐 જીવના પાંચ ભાવમાં ઉતારીએ તો–

* ઉપયોગ તે પરિણામિકભાવ છે.
* ઉપયોગનું શુદ્ધ પરિણમન તે ક્ષાયિકાદિ ભાવરૂપ છે.
* રાગાદિ ભાવો તે ઔદયિક ભાવ છે.

આ રીતે ઉપયોગને અને રાગને ભાવથી ભિન્નતા છે.

卐 નવ તત્ત્વમાં લઈએ તો–

* ઉપયોગ તે જીવ અને સંવર–નિર્જરા–મોક્ષતત્ત્વમાં આવે છે.
* રાગાદિભાવો આસ્રવ અને બંધતત્ત્વમાં આવે છે.

આ રીતે ઉપયોગ અને રાગ એ બંને તત્ત્વો ભિન્ન છે.

卐 ન્યાય–યુક્તિથી જોઈએ તો–

* ઉપયોગ સાથે આત્માની સમવ્યાપ્તિ છે.
* રાગાદિ સાથે આત્માની સમવ્યાપ્તિ નથી.

–માટે ન્યાયથી ઉપયોગ અને રાગની ભિન્નતા જ સિદ્ધ થાય છે; ઉપયોગની અને રાગની એકતા કોઈ રીતે સિદ્ધ થતી નથી.

卐 અનુભવથી જોતાં પણ–

રાગાદિ વગરના ઉપયોગસ્વરૂપે જીવ અનુભવમાં આવે છે. પણ ઉપયોગ વગરનો જીવ કદી અનુભવમાં આવતો નથી.

–આ રીતે ધર્મીની અનુભૂતિમાં ઉપયોગ અને રાગની ભિન્નતા છે; રાગથી જુદો, ઉપયોગસ્વરૂપ આત્મા જ અનુભૂતિમાં પ્રકાશે છે.

एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।
મારો સુશાશ્વત એક દર્શન–જ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.

હું એક શાશ્વત જ્ઞાન–દર્શનલક્ષણ આત્મા છું; ઉપયોગ સિવાય બીજા બધા સંયોગલક્ષણરૂપ ભાવો છે તે મારાથી બહાર છે; તે મારા સ્વભાવલક્ષણ નથી.–આવી ધર્માત્માની અનુભૂતિ છે.

રાગાદિ ભાવો જો આત્માનું સ્વલક્ષણ હોય તો, તે રાગાદિના નાશથી આત્મા પણ મરણ પામે. પણ રાગનો નાશ થવા છતાં સિદ્ધજીવો સાદિ–અનંતકાળ આનંદથી જીવે છે.–માટે રાગ તે આત્માનું લક્ષણ નથી. રાગને લક્ષણ માનતાં અવ્યાપ્તિ દોષ આવે છે.

ઉપયોગ જ આત્માનું લક્ષણ છે. તે આત્માથી કદી જુદું પડતું નથી. ઉપયોગના અભાવમાં આત્માનો અભાવ હોય છે; ને આત્મા સદાય ઉપયોગસ્વરૂપ હોય છે; આત્મા ઉપયોગલક્ષણ વગરનો કદી હોતો નથી.

ઉપયોગલક્ષણ જીવ છે ને એ જ સાચું જીવન છે;
એ જીવજો જીવડાવજો, પ્રભુ વીરનો ઉપદેશ છે.
ચેતન–જીવન વીરપંથમાં, નહિ દેહજીવન સત્ય છે;
ચેતન રહે નિજભાવમાં બસ ! એ જ સાચું જીવન છે.

ઉપયોગ તે જીવનું સર્વસ્વ છે. તે ઉપયોગની શુદ્ધ અવસ્થા હોય ત્યારે તેની સાથે શાંતિ–વીતરાગતા–આનંદ વગેરે સર્વ ગુણોથી આત્માનું જીવન શોભી ઊઠે છે; તેથી તે સાચું જીવન છે, અને તે જીવને ઇષ્ટ છે.

મોહ–રાગાદિ ભાવો ઉપયોગથી વિપરીત છે, તેમાં શાંતિનું જીવન નથી પણ ભાવમરણ છે; તેથી જીવને તે ઇષ્ટ નથી.

શુદ્ધોપયોગ તે સાચો અહિંસા ધર્મ છે; તેમાં રાગનો અભાવ છે. તે જ જીવને ઇષ્ટ છે, કેમકે તેમાં સ્વભાવનો ઘાત થતો નથી પણ આનંદમય સ્વભાવની ઉપલબ્ધિ થાય છે, તેથી તે જ જીવને ઇષ્ટ છે. આ રીતે વીતરાગભાવનો ઉપદેશ તે જ ભગવાન મહાવીરનો ઇષ્ટ ઉપદેશ છે.

હે ભવ્ય જીવો !

ભગવાન મહાવીરના આવા ઇષ્ટ ઉપદેશને ઓળખીને તેની ઉપાસના કરો; તે જ ભગવાનના નિર્વાણનો સાચો મહોત્સવ છે, ને તે જ વીરપ્રભુ–પ્રત્યે સાચી અંજલિ છે.

**જય મહાવીર**

## સાચું જીવન જીવવાની રીત

# ઉપયોગ જીવનું જીવન છે

( પૂ. શ્રી કાનજીસ્વામીના પ્રવચનોમાંથી )

* * * *

આત્માનો સ્વભાવ સદા શુદ્ધ ચેતનાલક્ષણરૂપ છે; તે ચેતનાને જ શુદ્ધધર્મ ભગવાને કહ્યો છે. તેમાં રાગરૂપ ભાવકર્મ નથી, તેમ જ જડકર્મ પણ નથી. આ રીતે કર્મથી વિમુક્ત ચેતનાસ્વરૂપે આત્માને ચેતવો–અનુભવવો તે જ શુદ્ધ ધર્મ છે.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોતાં બધા આત્મા સદા શુદ્ધ ચેતનાલક્ષણસંપન્ન છે. આવા આત્માના અનુભવરૂપ ચેતનાધર્મ તે મોક્ષમાર્ગ છે.

રાગાદિ વિકલ્પમાં ચેતના નથી, ને ચેતનામાં રાગાદિ નથી. રાગાદિ તે કાંઈ આત્માનું સ્વલક્ષણ નથી. રાગ વગરનો આત્મઅનુભવ સંભવે છે પણ ચેતના વગરનો આત્મઅનુભવ અસંભવ છે.

–આ રીતે સ્પષ્ટ ભેદજ્ઞાન કરીને, રાગથી જુદી પરિણમતી જે જ્ઞાનચેતના તેના વડે આત્મા લક્ષમાં આવે છે, ને તે ચેતના જ આત્માનું લક્ષણ છે. આવા સ્વધર્મરૂપ લક્ષણ વડે આત્મા લક્ષિત થાય છે–એમ જિનશાસનમાં સર્વજ્ઞદેવે કહ્યું છે.

સર્વજ્ઞ–જ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે;
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે ‘મારું આ’ તું કહે અરે !

( સમયસાર ગા. ૨૪ )

ઉપયોગલક્ષણ વડે અંદરમાં શરીરથી વિલક્ષણ તારા આત્માને શોધ, ચૈતન્યભાવમાં કેલિ કરતું તારું સત્ત્વ દેખીને તને મહા આનંદ થશે.

ચેતના તે આત્માનો અસલી સ્વભાવભૂત ધર્મ છે. રત્નત્રયધર્મનું લક્ષણ પણ

ચેતના જ છે; ચેતનાના અનુભવમાં રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ સમાય છે. મુક્તિ તે સર્વ કર્મથી તેમ જ સર્વ રાગથી રહિત ચૈતન્યદશા છે, તે મુક્તિનો ઉપાય પણ શુભાશુભરાગ વગરનો તેમ જ જડકર્મના સંબંધ વગરનો એવો શુદ્ધ ચૈતન્યભાવ છે.

શુદ્ધનયથી આત્માનો સ્વભાવ સર્વકર્મથી વિમુક્ત ઉપયોગસ્વરૂપ છે, તેને ઓળખીને તેમાં એકાગ્ર થતાં શુદ્ધ સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટયા તે મોક્ષમાર્ગ છે. તેને શુદ્ધચેતના પણ કહેવાય છે. આવો ધર્મ તે કર્મથી છૂટવાનો માર્ગ છે. આવી શુદ્ધાત્માની ઉપાસનાનું અલૌકિક વર્ણન સમયસારમાં છે. અહો, સમયસારમાં તો બહુ ગંભીરતા છે.

મોક્ષના માર્ગરૂપ જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે ત્રણેય શુદ્ધચેતનારૂપ છે, રાગરૂપ નથી કે દેહની ક્રિયારૂપ નથી. આવા રત્નત્રય શુદ્ધચેતના તે આત્માનો ધર્મ છે, આત્માનો સ્વભાવ છે. 'ચેતના' ને રત્નત્રયનું લક્ષણ કહ્યું છે પણ રાગને લક્ષણ નથી કહ્યું; રાગનો તો તેમાં અભાવ છે, એટલે રત્નત્રયમાં ક્યાંય રાગ ન આવે; રત્નત્રય રાગ વગરનાં છે. અને તે જ મોક્ષનું સાધન છે. આવા રાગ વગરનાં રત્નત્રય તે જ મહાવીરપ્રભુનો વીતરાગમાર્ગ છે; તે માર્ગે મોક્ષ પમાય છે.

જુઓ, મોક્ષમાર્ગમાં રત્નત્રયને રાગ વગરનાં લીધા છે, ને તેને ચેતનાનો ધર્મ કહ્યો છે. વ્યવહાર રત્નત્રયમાં જે રાગનો ભાગ છે તે કાંઈ ચેતનાનો ધર્મ નથી. રાગ તે આત્માનો સ્વભાવ નથી પણ બંધનો સ્વભાવ છે, તે તો કર્મ બાંધનાર છે, તે કાંઈ જીવને કર્મથી છોડાવનાર નથી. અને ચેતનારૂપ રત્નત્રયધર્મ તો કર્મથી વિવર્જિત છે, પૂજા–દાન વગેરેના શુભરાગને ભગવાને લૌકિકધર્મ કહ્યો છે પણ મોક્ષના કારણરૂપ પરમાર્થધર્મ તે નથી; પરમાર્થધર્મ તો રાગ વગરનો છે. આવા રાગ વગરના રત્નત્રયની આરાધના તે મહાવીરપ્રભુનો માર્ગ છે. તે જૈનશાસન છે.

જૈનશાસનમાં ત્રણેકાળે ધર્મનું આવું સ્વરૂપ ઓળખવું. ભરતમાં, ઐરવતમાં કે વિદેહક્ષેત્રમાં સદાય આવો ચેતનાલક્ષણરૂપ આત્મધર્મ છે. તેમાં રત્નત્રય સમાય છે ને તે જ મોક્ષમાર્ગ છે. આવા માર્ગને ઓળખીને ચેતનાના અનુભવની નિરંતર ભાવના કરવા જેવી છે. તે જ અહિંસાધર્મનો મૂળ પાયો છે.

ઉપયોગ એ જ આત્માનું જીવન છે.

ઉપયોગસ્વરૂપની અનુભૂતિ એ જ સાચું જીવન છે.

આયુકર્મ વગર જીવી શકાય ?–હા.

સાચું જીવન આયુકર્મ વગર જ જીવી શકાય છે. અનંત સિદ્ધભગવંતો આયુ વગર એવું જીવન જીવે છે. જીવના પ્રાણ ચૈતન્ય છે. (आत्मद्रव्यहेतुभूत चैतन्यमात्र भावधारणलक्षणा जीवत्व शक्तिः। ] ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરીને સદા જીવે એવી આત્માની જીવત્વશક્તિ છે, એટલે જીવ સદા ચૈતન્ય–જીવનથી જીવનારો છે, આયુકર્મથી નહિ.

જો આયુકર્મથી જીવ જીવતો હોત તો બધા સિદ્ધભગવંતો મરી જાત.

આયુના અભાવમાં કાંઈ જીવનો અભાવ થતો નથી.

આવા ચૈતન્યજીવનને ઓળખે તેને દેહબુદ્ધિ રહે નહિ, ને મરણનો ભય મટી જાય. જેને આયુકર્મનો અભાવ થયો તેનું મૃત્યુ કદી થઈ શકતું નથી.

શું આયુકર્મથી જીવ જીવે છે ?–ના;

જેને આયુકર્મ નથી તે સદાય જીવે છે, તેને કદી મરણ થતું નથી, જેને આયુકર્મ છે તે તો મરે છે.

આયુકર્મને આધીન રહીશ તો તું મરીશ.
આયુકર્મથી છૂટો પડી જા તો તું સદા જીવીશ.
આયુકર્મ વગર, સ્વાધીન ઉપયોગ વડે તું જીવનાર છો.

અરે; તને તારા આત્માનું સ્વાધીન જીવન જીવતાંય ન આવડયું, ને આયુકર્મને આધીન રહીને અનંતવાર તું મર્યો, દુઃખી થયો. હવે, દેહ અને કર્મથી પાર તારા સ્વાધીન ચૈતન્યથી જીવતાં શીખ, તો કદી મરણ નહિ થાય, ને સદાકાળનું સુખી જીવન રહેશે.

તેથી સંતો કહે છે કે–ઉપયોગલક્ષણ જીવ છે, ને એ જ સાચું જીવન છે.

સિદ્ધ ભગવંતો અમર છે; તેમને મરણ કેમ નથી ?

આયુકર્મનો સર્વથા અભાવ હોવાથી તેમને કદી મરણ નથી.

જો આયુથી જીવ જીવતો હોત તો તે આયુના અભાવમાં જીવનોય અભાવ થઈ જાત. જીવ તો આયુ વગર પોતાના ચૈતન્યભાવથી જ જીવે છે–એવી તેની જીવત્વશક્તિ છે. જ્યાં ચૈતન્યભાવ પૂરો ખીલી ગયો છે ત્યાં અમર જીવન પ્રગટે છે.

આ રીતે ચૈતન્યમય વીતરાગભાવ તે આત્માનું જીવન છે.
અહિંસા તે ચૈતન્યજીવન છે. હિંસા તે મરણ છે.
માટે હે ભવ્ય જીવો ! જિન–સિદ્ધાંતને જાણીને વીતરાગભાવરૂપ
પરમ અહિંસા ધર્મનું સેવન કરો.
જય મહાવીર

# ❀ ચૈતન્ય-રત્નોની મંગળમાળા ( ૮૫ ) ❀

( અનુસંધાન પાનું ૮ થી ચાલુ )

૪૨. અહો, આ 'જ્ઞાનની સેવા' માં જ્ઞાનસ્વરૂપ શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાય બંને આવી જાય છે. શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાય ( એટલે નિત્ય અને અનિત્ય સ્વરૂપ આત્મા ) તેના સ્વીકાર વગર જ્ઞાનની સાચી સેવા થઈ શકે નહિ, એટલે ધર્મ કે મોક્ષમાર્ગ થઈ શકે નહિ.

૪૩. અંતર્મુખ થયેલી જ્ઞાનપર્યાય વગર, નિત્ય જ્ઞાનસ્વરૂપની સેવા કરી કોણે ? એકલું નિત્ય પોતે પોતાને સેવે નહીં; સેવવાપણું અનિત્ય-પર્યાયમાં હોય, અને તે પર્યાય કાં તો નિસર્ગ અને કાં તો અધિગમ એવા કારણપૂર્વક પ્રગટે છે. તે કારણનો જેને સ્વીકાર નથી, પર્યાયનો જેને સ્વીકાર નથી, તેને જ્ઞાનની સેવા પ્રગટી જ નથી.

૪૪. રાગથી જે લાભ માને તેણે જ્ઞાનની સેવા કરી જ નથી, તેણે આત્માને જ્ઞાનસ્વરૂપ જાણ્યો જ નથી. જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને તેની સન્મુખ થયો ત્યાં તો અપૂર્વ આનંદનો અનુભવ થાય છે; તે આનંદસહિત જ્ઞાનની સેવા થાય છે.

૪૫. જ્ઞાનની આ રીતે સેવા કરનાર જીવને પોતાની પર્યાયમાં, અનાદિનો આનંદનો દુકાળ ટળીને, આનંદનો સુકાળ થઈ જાય છે...પર્યાયમાં આનંદની રેલમછેલ થઈ જાય છે.-તેણે જ્ઞાનની સેવા કરી, તેણે ભગવાનની ને ગુરુની શિખામણ માની. તેણે જ્ઞાનનો અનુભવ કર્યો. ગુણ-ગુણીને તેણે એકરૂપે અનુભવ્યા, દ્રવ્ય-પર્યાયનો ભેદ તેણે મટાડયો ને અભેદનો અનુભવ કર્યો. આ જૈનશાસનનું રહસ્ય છે; આ વીતરાગી સંતોનો ઉપદેશ છે.

૪૬. આત્મા અને તેની જ્ઞાનપર્યાય અભેદ છે, ને રાગ સાથે તેને ભેદ છે,-એવું ભેદજ્ઞાન, અને જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ આત્મા તેને જાણીને, શ્રદ્ધા કરવી તે ધર્માત્માનું પ્રથમ કર્તવ્ય છે. મુમુક્ષુએ મોક્ષને માટે નિયમથી જે કર્તવ્ય છે તે રાગથી ભિન્ન આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

૪૭. અનાદિનો અપ્રતિબુદ્ધ શિષ્ય, વિરક્ત ગુરુના ઉપદેશથી પ્રતિબુદ્ધ થઈને

આત્માનું સ્વરૂપ સમજ્યો; તે કેવું સ્વરૂપ સમજ્યો ? તેની આમાં વાત છે. અહો, મારા સ્વસંવેદનથી પ્રત્યક્ષ એવો હું શ્રીગુરુના ઉપદેશથી મારું સ્વરૂપ સમજ્યો, મારા પરમેશ્વરને મેં મારામાં જ દેખ્યો. હું ચેતનાસ્વરૂપથી એકપણે જ મને અનુભવું છું. મારી આ અનુભૂતિમાં ભેદના વિકલ્પરૂપ કારકો નથી, એટલે અશુદ્ધતા નથી; શુદ્ધ ચૈતન્યભાવરૂપે જ હું મને અનુભવું છું.

૪૮. અરે, એકવાર અંતરની જિજ્ઞાસાથી સાંભળે તો જીવની જીવનની દિશા ફરી જાય–એવી સુંદર ચૈતન્યની વાત સંતો સંભળાવે છે. રાગથી પાર ચિદાનંદતત્ત્વ લક્ષગત થતાં પરના પ્રેમની દિશા છૂટી જાય ને સ્વતત્ત્વ તરફ તેની રુચિ ઝુકી જાય. એકવાર સાંભળતાં અંદર રાગ અને જ્ઞાનની ભિન્નતાના ઘા લાગી જવા જોઈએ. બાપુ ! એકવાર અપૂર્વ મહિમા લાવીને તારા આત્માની વાત સાંભળ તો ખરો.

૪૯. અહો, મારી ચૈતન્યનિધિને, શ્રીગુરુના ઉપદેશથી સાવધાન થઈને હવે મેં દેખી. મારા નિધાન મારા હાથમાં આવી ગયા. અનાદિનો અજ્ઞાની હોવા છતાં, જ્ઞાનીગુરુના ઉપદેશથી ક્ષણમાં નિજસ્વરૂપ સમજીને પ્રતિબુદ્ધ થઈ ગયો, ભમરીનો ડંખ લાગતાં જેમ ઈયળ ભમરી બની જાય, તેમ શ્રીગુરુના શુદ્ધાત્મ–ઉપદેશની ચોટ લાગતાં અપ્રતિબુદ્ધ આત્મા શીઘ્ર પ્રતિબુદ્ધ થઈ ગયો. અહો, આનંદનો સાગર આત્મા,–જ્યાં શ્રીગુરુએ સંભળાવ્યો ત્યાં તેના પ્રેમનો રંગ ચડી ગયો, એવો રંગ ચડી ગયો કે રાગની પ્રીતિ હવે રહેતી નથી. એક ઘાએ રાગ અને જ્ઞાનના બે કટકા જુદા થઈ ગયા; અને ભાન થયું કે 'આ રહ્યો હું ચેતનરૂપ ભગવાન ! '

૫૦. જેમ ભૂલાઈ ગયેલું સોનું પોતાના હાથમાં જ દેખીને જીવ પ્રસન્ન થાય, તેમ અનાદિથી ભૂલાઈ ગયેલા પોતાના પરમેશ્વર આત્માને પોતામાં જ દેખીને જીવ આનંદિત થયો,–પ્રસન્ન થયો, કે 'અહો ! હું પરમેશ્વર આ મારામાં જ રહ્યો ! મારા સ્વસંવેદનમાં હું પ્રતાપવંત વર્તું છું. '

૫૧. અહો, મારું ચૈતન્યતત્ત્વ, પોતાની પ્રભુતાથી પૂરું છે; મારી પ્રભુતા કોઈ સંયોગ કે રાગને લીધે નથી; સ્વયં પોતાના સ્વભાવથી જ હું પરમેશ્વર છું.–આવું સ્વસંવેદન ધર્મીને ચોથાસ્થાનથી થઈ ગયું હોય છે.

૫૨. ભગવાન! તારી પ્રભુતાની વાત હોંશથી સાંભળ તો ખરો. પ્રભુતાને જાણીને તેનો ઉલ્લાસ કરતાં તને રાગનો ઉલ્લાસ છૂટી જશે ને તારા ભવનાં બંધન તૂટી જશે.

૫૩. રાગનો જેને રસ છે તેને આત્મા દેખાતો નથી; પણ ભેદજ્ઞાની જીવ રાગને જુદો પાડીને શુદ્ધચૈતન્યરસનો સ્વાદ લઈને સ્વસંવેદનમાં આત્માને દેખે છે. ભેદજ્ઞાનના બળે તે શરીરથી, કર્મથી ને રાગથી અત્યંત ભિન્ન ચૈતન્યતત્ત્વરૂપે પોતે પોતાને અનુભવે છે. તે ચૈતન્યની કિંમત પાસે રાગ વગેરેની કાંઈ જ કિંમત નથી.

૫૪. ચૈતન્યના સ્વસંવેદનથી જ્યાં જ્ઞાનની મંગલબીજ ઊગી ત્યાં પૂર્ણતા થતાં વાર ન લાગે; જેમ બીજ ઊગી તે વધીને તેર દિવસમાં પૂનમ થાય છે, તેમ આત્મસન્મુખ થતાં શુદ્ધોપયોગની બીજ ઊગી તે વૃદ્ધિગત થઈને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય છે.

૫૫. વૈશાખ સુદ બીજના મંગલપ્રવચનમાં ચૈતન્યની પ્રસન્નતાથી ગુરુદેવ કહે છે કે અહો! જ્યાં જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કર્યું કે જ્ઞાનવેદન તે હું, ને રાગાદિ તે હું નહીં,–આમ ભેદજ્ઞાન કરતાં સ્વસંવેદનમાં પોતે પોતાને પ્રત્યક્ષ થયો; ને પરિણમનચક્ર મોક્ષ તરફ ચાલ્યું. તે જ સાધકભાવનો અપૂર્વ મહોત્સવ છે.

૫૬. બાપુ! આવું મનુષ્યપણું અને આવો સત્સંગ પામીને, ચૈતન્યનો અનુભવ કરવા જેવો છે, તે કામ પહેલાં કર.

૫૭. ધર્મીજીવ સ્વસંવેદનથી પોતાને એમ અનુભવે છે કે હું તો ચૈતન્યજ્યોતિરૂપ આતમરામ છું. ધર્માત્માના ઉપદેશે એના મોહને છેદવા માટે રામબાણ જેવું કામ કર્યું.

૫૮. ધર્માત્માગુરુએ જેવું કહ્યું તેવું સ્વરૂપ લક્ષમાં પકડીને પોતે અનુભવ્યું; તે અનુભવ વખતે મતિ–શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિય પ્રત્યક્ષ થયા છે. મતિ–શ્રુતજ્ઞાન એકાંત પરોક્ષ નથી, સ્વસંવેદનમાં તે પ્રત્યક્ષ પણ છે. આવી પ્રત્યક્ષજ્ઞાનકળા તે મોક્ષનું સાધન છે.

૫૯. સમ્યક્ત્વ તો આત્મામાં એકત્વબુદ્ધિ કરીને નિર્વિકલ્પ–પ્રતીતરૂપ વર્તે છે; તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ એવા ભેદ નથી. ધર્મીને જ્ઞાનનો ઉપયોગ અંદર હો કે બહાર,

અશુભમાં હો કે શુભમાં, પણ સમ્યક્ત્વ તો નિરંતર આત્મપ્રતીતિરૂપે વર્તી રહ્યું છે.

૬૦. ધર્મીનું મતિ–શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે–એટલે કે અંદરના સ્વસંવેદન વડે જ્ઞાનસ્વભાવને પ્રત્યક્ષ કરીને તેણે કેવળજ્ઞાન સાથે સંધિ કરી છે. કેવળજ્ઞાનસ્વભાવ તે અવયવી છે, ને મતિ–શ્રુત તેનો અવયવ છે. આવું જ્ઞાન જ્યાં પ્રગટયું ત્યાં જ્ઞાનબીજ ઊગી, તે હવે કેવળજ્ઞાનરૂપ પૂર્ણિમા થયે છૂટકો.

૬૧. આજ તો આનંદનો દિવસ છે ને આનંદના જમણ પીરસાય છે,–એટલે હજારો શ્રોતાજનો ઉલ્લાસભાવે તે વધાવી રહ્યા છે. સમ્યગ્જ્ઞાનની બીજ આત્માના અપૂર્વ આનંદસહિત પ્રગટે છે.


૬૨. બાપુ! ચૈતન્યતત્ત્વની આવી વાત સાંભળવા મળવી તે મહાન દુર્લભ છે; તે તને મહાભાગ્યે મળી છે, માટે તેની દરકાર કરીને આત્માનું કલ્યાણ કરી લેજે. આત્માના હિત માટે તને આ સુઅવસર સુલભ થયો છે...તેને સફળ કરજે.

૬૩. વૈશાખ સુદ ત્રીજે ભાવનગર–જિનમંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠાને પાંચમું વર્ષ બેઠું. તે જ દિવસે ગુરુદેવ મુંબઈથી ભાવનગર પધાર્યા, અને પ્રવચનમાં સમયસારનો ૧૩૮મો કળશ વાંચતાં કહ્યું કે–

આત્મા ચૈતન્યતત્ત્વ પોતે આનંદનું ધામ છે. આવા આત્માના ભાન વગર, ધનના ઢગલા વચ્ચે પણ જીવો અશાંતિને ભોગવીને ચારગતિમાં રખડે છે. શુભાશુભભાવ કરીને જીવે ચારે ગતિમાં અવતાર કર્યા છે; મોટો રાજા પણ થયો ને ગરીબ ભીખારી પણ થયો,–પણ ચૈતન્યની શાંતિ તેને ક્યાંય મળી નહીં.

૬૪. અહીં આચાર્યદેવ એવા અજ્ઞાની જીવોને સંબોધન કરીને જગાડે છે ને તેનું ચૈતન્યપદ કેવું સુંદર છે તે બતાવે છે. અરે જીવ! રાગાદિ ભાવો તે તારું સાચું પદ નથી, તારું નિજપદ તો અંદર શુદ્ધ ચૈતન્યનું બનેલું છે; તે ચૈતન્યપદમાં રાગાદિનો પ્રવેશ નથી.


૬૫. આવા નિજ ચૈતન્યતત્ત્વને જેઓ નથી દેખતા, તે ભલે દેવ હોય કે રાજા હોય –પણ આચાર્યદેવ કહે છે કે તે જીવો અંધ છે–નિજનિધાન પોતામાં ભર્યા છે તેને નહિ દેખનારા આંધળા છે. બાપુ! હવે તું જ્ઞાનચક્ષુ ખોલીને તારા ચૈતન્યપદને દેખ. અંદર ચૈતન્યવસ્તુ સત્ છે તેને તું દેખ.



ગુરુદેવનો પ્રભાવ, ઉત્સવની ભવ્યતા, અને પચીસહજાર સાધર્મીઓનો ઉમંગ વગેરે દેખીને ખૂબ પ્રભાવિત થયેલા જૈનસમાજના નેતા શ્રી શાંતિપ્રસાદજી સાહૂ પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહે છે કે તીર્થંકર ભગવંતોને જો ઉપદેશ દિવ્યધ્વનિમેં દિયા, વહી આજ સ્વામીજી હમેં સુના રહે હૈં.

ત્યારબાદ સાહુજી પરમાગમ–મંદિરનું ઉદ્ઘાટન કરવા પ્રમુખશ્રીની સાથે આવી રહ્યા છે.


( વીર સં. ૨૫૦૦, ફા. સુ. ૧૩, સોનગઢ )



કુન્દકુન્દસ્વામીની હાલતી–ચાલતી ને બોલતી રચના એકાગ્રચિત્તે નીહાળી રહેલા મુ. શ્રી રામજીભાઈ, પ્રમુખશ્રી નવનીતભાઈ, ચીમનભાઈ શેઠ વગેરે...



પરમાગમ–મંદિરમાં બિરાજમાન કુન્દકુન્દસ્વામીના ચરણકમળ




પરમાગમ–મંદિરમાં, આરસના સિંહાસનમાં શ્રી કુંદકુંદસ્વામી–રચિત પરમાગમની મંગલ સ્થાપનાનું દૃશ્ય. અહો! જે પરમાગમમાં આચાર્યદેવે નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડયો છે તે પરમાગમના મહિમાની શી વાત!



પરમાગમ–મંદિરમાં શ્રી કુંદકુંદાચાર્યદેવના મંગલ ચરણોની સ્થાપના કરીને, અત્યંત ભક્તિભીના ચિત્તે શ્રી કાનજીસ્વામી અર્ઘ ચડાવીને પૂજન કરી રહ્યા છે.

## અચેતન-અશ્વથી ચાલતો અજમેરનો ભવ્ય રથ





પ્રભુના જન્માભિષેકની ભવ્યસવારીમાં ચાલી રહેલા અચેતન અશ્વોને મનમાં એમ થાય છે કે અહા! પ્રભુના માર્ગમાં ચાલતાં અમને-જડનેય આવું ગૌરવ મળે છે... તો જે ચેતનવંતાજીવો પ્રભુના માર્ગે ચાલી રહ્યા છે-તેમના આનંદની ને તેમના ગૌરવની શી વાત!

બીજા ચિત્રમાં તીર્થંકરદેવના જન્માભિષેક માટે ભક્તોની ભીડ લાગી રહી છે.

૬૬. આહા! ચૈતન્યપદ એકવાર જેણે અંદરમાં દેખ્યું તેનું ચિત્ત જગતમાં બીજી કોઈ વસ્તુમાં કે કોઈ પરભાવમાં લાગતું નથી. ચૈતન્યની સુંદરતા પાસે રાગાદિભાવો તો તદ્દન શોભા વગરના અપદરૂપ છે; શુદ્ધ ચૈતન્યપદમાં તેનો પ્રવેશ નથી.

૬૭. અહો, ચૈતન્યની સુંદરતા જાણે તેને રાગનો પ્રેમ કેમ રહે? ક્યાં રાગ, ને ક્યાં વીતરાગતા? ચૈતન્યતત્ત્વ તો રાગ વગરનું શુદ્ધ છે, ને રાગ તો અશુદ્ધ છે. બાપુ! રાગના વેદનથી તો તું અનાદિથી દુઃખી થયો; એકવાર રાગ વગરના ચૈતન્યનો સ્વાદ તો તું ચાખ! ચૈતન્યના સ્વાદની મીઠાશ પાસે રાગનો રસ ઊડી જશે; રાગ તો તદ્દન નીરસ લાગશે.

૬૮. તારું પદ તો આનંદનું ધામ છે, આનંદના ધામમાં રાગના ક્લેશ હોય નહીં. રાગના પદમાં તારું પદ નથી, ને તારા ચૈતન્યપદમાં રાગ નથી. રાગ તો અપદ છે–અપદ છે.

૬૯. રાગ પોતે તો અંધકાર છે, ચૈતન્યપ્રકાશ તેમાં નથી; રાગથી ભિન્ન એવા ચૈતન્યપદને અનુભવમાં લેતાં આનંદ સહિત જે જ્ઞાનબીજ ઊગી તે હવે પાછી ફર્યા વગર વધીને પૂર્ણિમારૂપ થશે એટલે કે કેવળજ્ઞાન થશે. –આત્મામાં આવી ભેદજ્ઞાનબીજ ઉગાડવી તે અપૂર્વ મંગળ છે.

(વૈશાખ સુદ ત્રીજની સાંજે ગુરુદેવ ભાવનગરથી સોનગઢ પધાર્યા. અહા, અધ્યાત્મની શાંતિના મધુર તરંગ ઉલ્લસવા લાગ્યા...વહાલા વિદેહીનાથને દેખીને ચિત્ત શાંત અને પ્રસન્ન થયું. સવારે મુંબઈ બપોરે ભાવનગર ને સાંજે સોનગઢ,–આવા ઝડપી પ્રવાસથી થાકીને હવે સોનગઢ આવતાં નીરાંત થઈ. ગુરુદેવ ઘણીવાર કહે છે કે સોનગઢ બહાર આવા પ્રવાસમાં હવે આપણું કામ નહીં. ખરેખર, પરમ નિવૃત્તિમય જીવનમાં અધ્યાત્મતત્ત્વની ઊંડી ભાવનાઓ ઓર ખીલી ઊઠે છે.)

૭૦. અરે બાપુ! રાગના વેદનમાં તું દુઃખી છો; રાગથી ભિન્ન ચૈતન્યને જાણીને એનાં નિર્વિકલ્પરસ પીને! સ્વસન્મુખ થઈને આત્માનું વેદન કરતાં તારી પર્યાયમાં આનંદના દરિયાની ભરતી આવશે...તારા ભવ–દુઃખ છૂટી જશે ને

અપૂર્વ મોક્ષસુખનો તને સ્વાદ આવશે. અંદર આનંદનો દરિયો ભર્યો છે, તેની સન્મુખ થઈને તેને પર્યાયમાં ઉલ્લસાવ.

૭૧. (મોક્ષપ્રાભૃત : ગા. ૧૫૮) અજ્ઞાની (સાંખ્યમતી વગેરે) એકાંત ધ્રુવવસ્તુ માને છે, ને જાણવાની ક્રિયા, પરિણમન વગેરેને માનતા નથી. આત્મામાં એકાંતનિત્યપણું જ છે ને અનિત્યપણું નથી–એમ અજ્ઞાની લોકો માને છે. પણ ચૈતન્યતત્ત્વ નિત્ય–અનિત્ય સ્વરૂપ છે, તે ચેતનસ્વભાવે પરિણમીને જાણવાની ક્રિયા કરનાર છે. જો જાણવાની ક્રિયા ન કરે તો આત્મા જડ થઈ જાય. જાણવાની ક્રિયા જેનામાં હોય તે જ ચેતન છે. જાણવારૂપ પરિણમવાની ક્રિયા (અનિત્યતા) અચેતનમાં જે માને છે તે તો ચેતનને અચેતન માને છે ને અચેતનને ચેતન માને છે. આ એકલા સાંખ્યની વાત નથી, પણ જેનો આવો અભિપ્રાય છે તેઓ બધા અજ્ઞાની છે.

૭૨. આત્માને વળી પર્યાય હોય? આત્મામાં અનિત્યપણું હોય? એમ અજ્ઞાની શંકા કરે છે. ભાઈ, જ્ઞાનપર્યાય વગરનો આત્મા હોય નહીં, આત્મા અને તેની પર્યાય જુદા નથી. અનિત્યપર્યાય પણ આત્માનો એક સ્વભાવ છે. ચેતનની ક્રિયારૂપ જે અનિત્યપર્યાય છે તે કાંઈ જડપ્રકૃતિનો ધર્મ નથી, તે તો ચેતન આત્માનો ધર્મ છે.–આવા આત્માને જાણે તે મોક્ષને પામે. મોક્ષ પણ પર્યાય છે. પર્યાયને જ ન માને તેને મોક્ષ કેવો?

૭૩. જે ચેતનને ચેતન જાણે, ને અચેતનને અચેતન જાણે, ચેતનના ગુણ–પર્યાયોને ચેતનમાં માને, જડના ગુણ–પર્યાયોને જડમાં માને, તે જ્ઞાની છે; ને તે જડ–ચેતનને ભિન્ન જાણતો થકો, પર્યાયને પોતાના ચેતનસ્વભાવમાં એકાગ્ર કરીને મોક્ષને સાધે છે; બીજા જીવો મોક્ષને સાધતા નથી.

૭૪. આત્મામાં પર્યાય હોય જ નહિ–એમ નથી; અથવા પર્યાય તે ઉપાધિ છે –એમ પણ નથી. શુદ્ધ પર્યાય તો આત્માનું સ્વરૂપ છે, ને તે તો સિદ્ધ ભગવાનનેય હોય છે. પર્યાયમાં રાગાદિ અશુદ્ધભાવો તે ઉપાધિ છે, ને તેનો નાશ થઈ શકે છે; તેનો નાશ થવા છતાં આત્મા તેના વગર પણ જીવી શકે છે. પણ પોતાની શુદ્ધપર્યાય વગરનો આત્મા હોય નહિ.

૭૫. જ્ઞાની તો પોતાની જ્ઞાનપર્યાયને જ્ઞાનમાં જ એકાગ્ર કરીને, આનંદનો અનુભવ

કરતો કરતો મોક્ષ પામે છે, એટલે સમ્યગ્જ્ઞાન અને વીતરાગચારિત્ર વડે જ મોક્ષ પમાય છે, ચારિત્ર વગર કોઈ જીવો મોક્ષ પામતા નથી.

૭૬. શુદ્ધોપયોગમાં લીનતારૂપ તપ તે મોક્ષનું ઉત્કૃષ્ટ સાધન છે. તીર્થંકર ભગવંતો તે ભવે સિદ્ધપદ પામે છે-તે વાત ધ્રુવપણે નિશ્ચિત છે, તેઓ મતિ-શ્રુત-અવધિજ્ઞાન સહિત છે તોપણ ચારિત્રદશા પ્રગટ કરીને જ્યારે ચૈતન્યતત્ત્વમાં લીન થાય છે ત્યારે જ મોક્ષ પામે છે. ચારિત્રદશા વગર એકલા જ્ઞાનથી તીર્થંકરો પણ મોક્ષ પામતા નથી. આ રીતે મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

૭૭. હે જીવ ! તું પ્રતિકૂળતા વચ્ચે પ્રયત્નવડે આત્માની ભાવના ભાવજે. ચૈતન્યની શાંતિના વેદન પાસે બહારની સગવડતામાં ધર્મીને જરાય સુખ ભાસતું નથી, એટલે સગવડ ટળીને પ્રતિકૂળતા આવે તોપણ આત્માની શાંતિ છૂટતી નથી; જ્ઞાનભાવના તેને અનુકૂળતા કે પ્રતિકૂળતા વખતે હાજર જ રહે છે, એટલે અનુકૂળતામાં તે મુર્છાતા નથી ને પ્રતિકૂળતાથી તે મુંઝાતા નથી.

૭૮. અહો, ચૈતન્યની ભાવનામાં જે સુખ છે તે સુખ બહારની કોઈ સગવડમાં નથી. માટે બહારના પરિષહ પણ આનંદથી સહન કરીને તું તારી જ્ઞાનભાવનામાં દ્રઢ રહેજે. દેહમાં પીડા થવાનો પ્રસંગ આવે, યોગ્ય આહાર-પાણી ન મળે, દેહમાં બળતરાનો પાર ન હોય, બહારમાં નિંદાને અપમાન થતા હોય એવા ટાણે પણ પ્રયત્ન વડે તું તારી જ્ઞાનભાવનામાં મસ્ત રહેજે; એકલી વાત કરીને અટકીશ નહિ, જ્ઞાનને આત્માની પર્યાયમાં એવું પરિણમાવી દેજે કે કોઈ પણ પ્રસંગમાં તે છૂટે નહીં, ને ગમે તેવી પ્રતિકૂળતામાં પણ વ્યાકુળતા થાય નહીં.

૭૯. અહા, ચૈતન્યતત્ત્વની ભાવનામાં જે શાંતિ છે તેની શી વાત ! એમાં બહારની પ્રતિકૂળતા કે અનુકૂળતા શું કરે ? આવા ચૈતન્યતત્ત્વને ભાવનાર જીવ જગત પ્રત્યે ઉદાસીન હોય છે. આવા પરાક્રમી જીવો અંદરના ઉગ્ર ધ્યાન વડે સુખના અનુભવપૂર્વક મોક્ષને સાધે છે. માટે મુમુક્ષુઓને તીવ્ર પ્રયત્નપૂર્વક આત્મભાવના કરવાનો ઉપદેશ છે.

૮૦. સમયસાર ૧૪ મા કળશમાં કહ્યું કે આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે

ઉપાદેય છે; અને એવો અનુભવ તે જ આત્મા છે. આવા શુદ્ધસ્વરૂપનો અનુભવ તે જ સુખ છે; તે જ ઉત્કૃષ્ટ છે; બીજું બધું હેય છે.

૮૧. અનુભવસ્વરૂપ આત્મા અતીન્દ્રિયજ્ઞાનરૂપ થયો છે, ને તે અસંખ્યપ્રદેશમાં સર્વ પ્રદેશે એકસરખો પરિણમી રહ્યો છે. જ્ઞાનપરિણમન આત્માના સર્વ પ્રદેશમાં છે. અનુભૂતિમાં આત્માનો કોઈ પ્રદેશ જ્ઞાનપરિણમનથી ખાલી નથી, અનુભૂતિ સર્વ આત્મપ્રદેશમાં વ્યાપક છે. આત્માના સર્વ પ્રદેશો સદા ચેતનારસથી ભરેલા છે, તે જ પ્રદેશોમાં આનંદ ભર્યો છે; અનંતગુણનો રસ સર્વ આત્મપ્રદેશે ભરેલો છે. આત્મા જ તે સ્વરૂપ છે.

૮૨. આવો જ્ઞાનઘન આત્મા જ મુમુક્ષુઓએ સાધ્ય–સાધકભાવરૂપે ઉપાસવા યોગ્ય છે. જ્ઞાનસ્વરૂપથી જુદું બીજું કોઈ ઉપાસવા યોગ્ય નથી.–આ મોક્ષ માટેનો મહાન જૈનસિદ્ધાંત છે.

૮૩. આવા આત્માનો અનુભવ કેમ થાય? કે સ્વાનુભવ–પ્રત્યક્ષ વડે અનુભવ થાય છે. એકલા પરોક્ષજ્ઞાનવડે કે રાગવડે આત્માનો અનુભવ થતો નથી.

૮૪. આત્માના અનુભવનો આટલો બધો મહિમા કેમ કરો છો? કેમકે આવા અનુભવ વડે જ સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે, બીજી કોઈ રીતે આત્મા સધાતો નથી એટલે કે જીવનું દુઃખ મટતું નથી ને સુખ થતું નથી. સુખની પ્રાપ્તિ ને દુઃખનો નાશ આવા આત્માના અનુભવથી જ થાય છે, માટે તેનો મહિમા અપાર છે; તે અનુભવથી ઊંચું બીજું કાંઈ નથી.

૮૫. આવા અનુભવ–દાતાર ને ચોરાશીના ચક્કરથી છોડાવનાર ગુરુદેવને નમસ્કાર હો.

–બ્ર. હ. જૈન

# ઉપકારની શી વાત!

ગુરુઉપદેશને અંતરમાં ઉતારીને જ્યાં અપૂર્વ સ્વસંવેદનપૂર્વક આત્મજ્ઞાન થાય છે ત્યાં ધર્મીને એમ થાય છે કે અહા! મારો આખો આત્મા જ નવો બની ગયો! એવો સરસ બની ગયો કે જેના એકત્વમાં અનંતકાળ રહેતાં પણ કંટાળો ન આવે. કદી કલ્પનામાંય ન હતો એવો અપૂર્વ શાંતરસથી ભરપૂર આત્મા પોતે જીવંત થઈને પ્રસિદ્ધ થયો.–આવા શાંતરસરૂપ થયેલો આત્મા તો જગતમાં સદાય સુખી જ હોયને! આવું સુખ જેમના પ્રતાપે મળ્યું–તે સંતોના ઉપકારની શી વાત!

# અમે તો વીરતણાં સંતાન

**ચાલો, જ્ઞાનસહિત ઉત્તમ આચરણવડે મહાવીર પરિવારમાં દાખલ થઈએ.**

૧. જ્યાં જિનમંદિર હશે ત્યાં હું હંમેશાં દર્શન કરીશ.
૨. આત્મહિત માટે હંમેશા જૈનશાસ્ત્રનું વાંચન કરીશ.
૩. જૈનમાર્ગને જ પરમ ભક્તિથી સેવન કરીશ.

૧. રાત્રે કદી ખાઈશ નહીં.
૨. અળગણ પાણી પીશ નહીં.
૩. લૌકિક સીનેમા જોઈશ નહીં.

ઉપર મુજબ છ બોલનું પાલન કરવાની સ્વીકૃતિ જેમના તરફથી આવેલી છે તેમનાં નામ તથા ગામ અહીં આપવામાં આવ્યા છે. વિશેષ નામો આવતા અંકમાં અપાશે. આપ પણ સ્વીકૃતી–પત્ર મોકલો ને ‘મહાવીરપરિવાર’ માં દાખલ થઈ જાઓ. આપણા મહાવીર ભગવાનના મોક્ષગમનનું અઢીહજારમું વર્ષ ચાલે છે, ને આપણે પણ તેમના માર્ગે જવાનું છે, તો ઓછામાં ઓછું આટલું કરવું તે તો સૌનું પ્રાથમિક કર્તવ્ય છે. મહાવીરશાસનમાં આવેલા કોઈ પણ જૈનને આ છ બોલનું પાલન કઠિન લાગે નહીં; વીરના સંતાનમાં આટલું તો તદ્દન સહેલાઈથી હોવું જોઈએ; ને ત્યારપછી પણ વીરતાપૂર્વક વીરમાગમાં ખૂબખૂબ આગળ વધીને ભવના અંત સુધી પહોંચવાનું છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | રતિલાલ માણેકચંદ સંઘવી | મોરબી | ९ | सौ. पार्वतीबाई शंकरराव | मुदखेड |
| ૨ | શાંતિલાલ માણેકચંદ મહેતા | જામનગર | १० | दतात्रय व्यंकटेश लोखंडे | मुदखेड |
| ૩ | પ્રકાશ મનસુખલાલ જૈન | કલકત્તા | ११ | सौ. मालतीबाई दतात्रय लोखंडे | मुदखेड |
| ૪ | સોનલબેન હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૧૨ | નયનાબેન વ્રજલાલ મહેતા | રાજકોટ |
| ૫ | અતુલ હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૧૩ | ચંદ્રીકાબેન વ્રજલાલ મહેતા | રાજકોટ |
| ६ | सुमनबाई तुकाराम पंत लोखंडे | मुदखेड | ૧૪ | માયાબેન વ્રજલાલ મહેતા | રાજકોટ |
| ७ | तुकाराम विश्वनाथराव लोखंडे | मुदखेड | ૧૫ | સુભાષ વ્રજલાલ મહેતા | રાજકોટ |
| ८ | सौ. गंगुबाई नारायण राव | मुदखेड | ૧૬ | જસુમતીબેન વ્રજલાલ મહેતા | રાજકોટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | શાંતાબેન છોટાલાલ શેઠ | રાજકોટ | ૪૧ | રૂપલબેન પ્રવિણચંદ્ર કોઠારી | |
| ૧૮ | વિશ્રામ જીવાભાઈ રાઠોડ | મુંબઈ–૩૪ | ૪૨ | સોનલબેન નંદલાલભાઈ ગાંધી | બોટાદ |
| ૧૯ | જસુબેન વિશ્રામ રાઠોડ | મુંબઈ–૩૪ | ४३ | सुखलाल सुधीरकुमार जैन | सागर |
| २० | आदेशकुमार जैन B.Sc. | बडौत | ४४ | मन्नुलाल नन्हेलाल | सागर |
| २१ | राकेशकुमार जैन | बडौत | ४५ | श्रीमती कलावतीबाई | सिलवानी |
| २२ | प्रकाशवती जैन | बडौत | ४६ | श्रीमती विमलाबाई | सिलवानी |
| ૨૩ | શાન્તાબેન છોટાલાલ જૈન | ફતેપુર | ૪૭ | જયકુમાર શાંતિલાલ ગાંધી | ભાવનગર |
| ૨૪ | ચંદીબેન વાડીલાલ જૈન | નિકોડા | ૪૮ | લીલાબેન છબીલદાસ | રાણપુર |
| ૨૫ | શકરીબેન છોટાલાલ મહેતા | નિકોડા | ૪૯ | શાંતિલાલ ગોપાળજી પટેલ | રાજકોટ |
| ૨૬ | મગનલાલ હરીભાઈ જૈન | વરૂડી | ૫૦ | અમૃતલાલ જેઠાલાલ શાહ | જામનગર |
| ૨૭ | જયાબેન મગનલાલ જૈન | વરૂડી | ૫૧ | શાંતિલાલ વશરામભાઈ લાખાણી | ચલાલા |
| ૨૮ | ચંપાબેન ચંદુલાલ જૈન | નિકોડા | ५२ | सुखलालजी | सागर |
| २९ | मलैया कमलकुमार जैन | जबेरा | ५३ | कुसुमबाई | सागर |
| ३० | विनोद कुमार जैन | जबेरा | ५४ | सुधीर कुमार | सागर |
| ३१ | सोनाबाई जैन | जबेरा | ५५ | सुधा कुमारी | सागर |
| ३२ | मातेश्वरी केवलचंदजी सिंधई | जबेरा | ५६ | सुशील कुमार | सागर |
| ३३ | मातेश्वरी राजकुमारजी चौधरी | जबेरा | ५७ | मिसरीलाल जैन रावत | सागर |
| ३४ | मातेश्वरी धन्यकुमारजी चौधरी | जबेरा | ५८ | रूपचंदजी | मलकापुर |
| ३५ | मातेश्वरी उदयकुमारजी सिंधई | जबेरा | ५९ | गुणमाला रतनचंद शाह | सोलापुर |
| ૩૬ | સતુબેન ચુનિલાલ જૈન | નિકોડા | ६० | रतनचंद सरनाराम शाह | सोलापुर |
| ૩૭ | ઉજમશી પ્રેમચંદ સોની | વઢવાણ | ૬૧ | નવલબેન લાખાણી | રાજકોટ |
| ३८ | सुमतप्रकाश जैन | शिवपुरी | ६२ | अतरसेन जैन | दिल्ही–३२ |
| ३९ | डुंगरलाल कृषिकार जैन | धनगांव | ૬૩ | શાંતિલાલ તારાચંદ શાહ | રાજકોટ |
| ૪૦ | સોનલબેન પ્રવિણચંદ્ર કોઠારી | | ૬૪ | બ્ર. મેનાબેન જૈન | સોનગઢ |

**આપ પણ આ 'મહાવીર–પરિવાર' માં દાખલ થવા માટે, અને અઢીહજાર સભ્યો જલ્દી પૂરા કરી દેવા માટે, [ સંપાદક–આત્મધર્મ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ] એ સરનામે પોસ્ટકાર્ડમાં નીચે મુજબ લખી મોકલો.**

**[ મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવના વર્ષમાં આત્મધર્મમાં બતાવેલી છ વાતનું હું પાલન કરીશ; મહાવીર–પરિવારમાં દાખલ થતાં મને આનંદ થાય છે.–નામ, ગામ તથા ઉંમર. )**

# આનંદથી ઉજવીએ-
# પ્રભુના મોક્ષનો મહોત્સવ

મહાવીર ભગવાન....આપણા પરમ ઈષ્ટ દેવ! તેમના મોક્ષગમનનું અઢીહજારમું વર્ષ....આખું ભારત આનંદથી ઉજવીએ. આપણા ભગવાન કેવા મહાન છે ને તેમણે બતાવેલો મોક્ષમાર્ગ કેવો સુંદર છે! તેની પ્રસિદ્ધિ ૧૮૦ જિજ્ઞાસુઓએ નિબંધ દ્વારા વ્યક્ત કરી છે...તેનું દોહન અહીં અપાય છે. ( અંક ૩૬૬ થી ચાલુ )

( ર. A. B. નંદલાલ તથા પ્રજ્ઞાબેન દામોદરદાસ ગાંધી.–બોટાદ )

આખુંય ભારત આજે અનેરા આનંદથી આ દીપોત્સવ ઉજવી રહ્યું છે.
શેનો છે આ મંગલ દીપોત્સવ! મહાવીરપ્રભુના મોક્ષનો આ મહોત્સવ છે.

અહો! અંદરથી શ્રદ્ધાનાં રણકાર કરતો આત્મા જાગી જાય એવો આ વીરમાર્ગ છે. જેમ રણે ચડેલા રજપૂતની વીરતા છાની ન રહે, તેમ ચૈતન્યની સાધનાના પંથે ચડેલાની, વીરપ્રભુના માર્ગે ચડેલા ધર્માત્માની વીરતા છાની ન રહે. એનો વૈરાગ્ય, એનું શ્રદ્ધાનું જોર, એનો ધર્મનો પ્રેમ, એનો આત્માનો ઉત્સાહ મુમુક્ષુથી છાનો ન રહે. જ્ઞાનદશા ખરેખર અદ્‌ભુત છે.

ભગવાન મોક્ષે પધાર્યા એટલે ભરતક્ષેત્રને તો તીર્થંકરનો વિરહ પડયો, અને છતાં તેનો ઉત્સવ! હા...પણ એ કાંઈ ભગવાનના વિરહનો ઉત્સવ નથી, એ તો મોક્ષની પ્રાપ્તિનો ઉત્સવ છે, તેમાં પોતાના મનોરથ પ્રત્યેના ઉલ્લાસનો આનંદ છે. સિદ્ધપદ એ સાધકનો મનોરથ છે. એ સિદ્ધપદના સ્મરણમાત્રથી પણ સાધકનું અંતર પુલકિત બને છે તો ભગવાનના એવા સિદ્ધપદને દેખીને આનંદ કેમ ન થાય! ને એ સિદ્ધપદની અનુમોદના તરીકે એ ઉત્સવ કેમ ન ઉજવે! એ સાધકના જ્ઞાનમાં સર્વજ્ઞનો કદી વિરહ નથી.

આ રીતે સિદ્ધપદને અભિનંદવાનું ને મોક્ષનો ઉત્સવ ઉજવવાનું ૨૫૦૦ મું મહા વર્ષ નજીક આવી રહ્યું છે. માટે આપણે પણ રત્નત્રયના પવિત્ર દીવડા પ્રગટાવીને

એ મંગળ પર્વ ઉજવીએ..ને વીરપ્રભુના મોક્ષપંથે જઈએ તે આપણા સૌનું મહાન કર્તવ્ય છે.

પ્રભુના મોક્ષના મંગલ દિવસે ઊંચીઊંચી ભાવનાઓ ભાવવી, ને ધર્મની વૃદ્ધિના ઊંચાઊંચા સંકલ્પો કરવા અને જૈનધર્મની પ્રભાવના માટે તથા પરમ દેવ, ગુરુ, શાસ્ત્રની સેવા માટે જે કાંઈ થઈ શકે તે તન–મન–ધનથી કરવું, કોઈ ઉત્તમ નવીનશાસ્ત્રની સ્વાધ્યાયનો મંગલ પ્રારંભ કરવો, સૌ સાધર્મીઓની સાથે પ્રેમથી સન્માનપૂર્વક હળવું–મળવું ને ધર્મની ચર્ચા કરવી એ આપણા સૌના મહાન વિપુલ કર્તવ્યો છે. તે દિવસે એવી ઉત્તમ ધર્મચર્ચા કરવી જોઇએ કે તેના સંસ્કાર જીવનમાં ફેલાઇ જાય, ઉત્તમ ભાવોની કમાણી થાય, ને જ્ઞાનલક્ષ્મીનો અપૂર્વ લાભ થાય.

સવારમાં મંગલ દીવડાના ઝગઝગાટમાં ઊઠતાવેંત જ મહાવીર ભગવાનના ગુણોને યાદ કરીને, તેમાં આપણા કેવા કર્તવ્યો રહેલા છે તેનો વિચાર કરીને, આપણે તેમના પંથે જઈને તેમના જેવા થવું છે તેવા વિચારો કરવા તે આપણું કર્તવ્ય છે.

વહાલા વીરનાથ આપણા ચોવીસમા તીર્થંકર છે. ને તીર્થંકર ભગવાન... એટલે માત્ર ભારતની જ નહિ પણ આખા વિશ્વની વિભૂતિ છે. ભગવાન વૈશાલીમાં ત્રિશલામાતાને ત્યાં સર્વજ્ઞપદને સાધવા માટે ચૈત્ર સુદ તેરસે જન્મ્યા હતા. બેંતાલીસ વર્ષની વયે પ્રભુ કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંત થયા. ત્રીસ વર્ષ સુધી ધર્મના ધોધ વહેવડાવીને અંતે પાવાપુરીથી પ્રભુજી સિદ્ધાલયમાં પધાર્યા... મોક્ષ પામ્યા. આજે તેમના નિર્વાણને અઢીહજાર વર્ષ થયા. તેમનો જન્મ ઘણા ભવ્ય જીવોને તરવાનું કારણ છે, તેથી તે કલ્યાણક છે. અહા! આ ભરતક્ષેત્રની ધન્ય પળ છે; વીરતા પ્રગટ કરીને પોતે તો પૂર્ણ પરમાત્મા થયા ને જગતના ઘણા જીવોને પણ ભવથી તારતા ગયા. ભવ્ય જીવોને તારવા ભગવાન કહે છે કે હે ભાઈ, ચૈતન્યનો મહિમા ઘૂંટતા ઘૂંટતા તારા નિર્ણયમાં એમ આવે કે અહો! મારી આ વસ્તુ જ સ્વયં પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ છે. આવા નિર્ણયથી અંતર્મુખ થતાં સ્વસંવેદન વડે આત્મા પ્રત્યક્ષજ્ઞાતા થઈ જાય છે, એનું નામ સમ્યગ્દર્શન છે; તે પૂર્ણતાના પંથે ચડયો, તેણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો, તે વીરના માર્ગે વળ્યો. –આ છે મહાવીરનો સંદેશ.

અહો, વહાલા વીરનાથ! આપનો સુંદર માર્ગ અમારા મહાભાગ્યે ગુરુકહાન દ્વારા અમને પ્રાપ્ત થયો....આપના મંગલ માર્ગમાં વહેતા વીતરાગી આનંદના વહેણથી અમે

પાવન થયા. અહા, આપની સર્વજ્ઞતા, આપની વીતરાગતા અને શુદ્ધાત્માના આનંદ –સ્વાદથી ભરેલો આપનો ઉપદેશ, આવી મહાનતાને જે ઓળખે છે તે તો આપના માર્ગમાં ચાલવા માંડે છે. અને તેના ચિત્તમાં આપ બિરાજો છો, તે જ આપને પૂજે છે. આપની મહાનતાને જે ન ઓળખી શકે તે આપને ક્યાંથી પૂજી શકે? પ્રભો! અમે તો આપને ઓળખ્યા છે, અને અમે આપના પૂજારી છીએ, ને આપના વીરમાર્ગમાં આગળ વધીએ છીએ.

પૂ. ગૂરુદેવ વીરમાર્ગની ઓળખાણ કરાવતાં કહે છે કે આપણે તો વીરનાં સંતાન છીએ. "બાપ જેવા બેટા" માટે આપણે વીર પ્રભુના વીતરાગી રસ્તે જઈ, તેમના કહેલા આત્માની ઓળખાણ કરી તેને સાધવાનો છે. આત્માની અનુભવદશા વડે જ મોક્ષ સધાય છે. આ વીરનો માર્ગ છે ને આ વીરનો ઉપદેશ છે. આવા માર્ગની ઓળખાણ કરીને તે પોતામાં પ્રગટ કરે તેનો અવતાર સફળ છે. તેણે મહાવીર ભગવાનને ખરેખર ઓળખ્યા, અને તેણે પોતામાં મહાવીરના વીતરાગર્માગને પ્રસિદ્ધ કર્યો. આ રીતે મોક્ષમાર્ગની પ્રાપ્તિ તે તેમની ઓળખાણથી થતો મોટામાં મોટો લાભ છે.

## પધાર્યા કુંદકુંદ ભગવાન; સાથે આવ્યા અમૃત-પદ્મ મુનિરાજ

અહો, આજે (ફાગણ સુદ અગિયારસે) પરમાગમ મંદિરમાં કુંદકુંદપ્રભુ આવીને બિરાજ્યા છે. ઉપર શ્રી મહાવીરપ્રભુ બિરાજી રહ્યા છે, ને તેમના દિવ્યધ્વનિને શાસ્ત્રરૂપે ગૂંથીને કુંદકુંદપ્રભુ ભવ્ય જીવોને નિજવૈભવની મહાન ભેટ આપી રહ્યા છે. સાથે કુંદકુંદપ્રભુના બે હાથ જેવા બે મુનિભગવંતો–અમૃતચંદ્રાચાર્ય અને પદ્મપ્રભમુનિરાજ પણ પધારીને પરમાગમમંદિરમાં બિરાજ્યા છે.

અહો, ચૈતન્યવૈભવધારી સાધક સંતો! આપને દેખીને અમને જે અપૂર્વ આનંદસહિત ભક્તિની ઉર્મિઓ જાગે છે તે તો દિવ્યજ્ઞાનવડે સ્વર્ગમાં બેઠા–બેઠા આપ જાણો જ છો.... તેથી જ અહીં સાક્ષાત્ પધારીને આજ આપ અમને આશીર્વાદ આપી રહ્યા છો. કહાનગુરુના હૈયામાં આપના પ્રત્યે જે ઉમળકો ઊઠે છે–તે કોના જેવો છે? જેવી ઊર્મિ સીમંધરપ્રભુને દેખીને આપને થઈ હતી તેના જેવી ઉર્મિનો ઉમળકો આજે અમને આપને દેખીને થાય છે.

# જીવન ધર્મને માટે છે -ધનને માટે નહિ

**આ અવસર સ્વભાવધર્મનું સાધન કરવા માટે છે, ધનની વૃદ્ધિ માટે નહિ. માટે હે જીવ! ઇષ્ટ એવો જે સ્વભાવ તેને સાધવાનો ઉદ્યમ કર...ધનની વૃદ્ધિને અર્થે આ જીવનને વેડફી ન નાંખ.**

ઇષ્ટ ઉપદેશ એટલે કે આત્માના હિતનો ઉપદેશ આપતાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે અરે જીવ! આત્માના સ્વભાવધર્મનું સાધન કરવા માટે આ અવસર છે. એમાં સ્વભાવનું સાધન કરવાને બદલે ધનને વધારવા માટે તું આ અવસરને વેડફી નાંખે છે તો તારા જેવો મૂર્ખ કોણ? તું દિનરાત ધનની વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરીને પાપ બાંધે છે, ને સ્વભાવધર્મનું સાધન તું કરતો નથી. આયુષ અને પુણ્ય ઘટે છે છતાં ધનની વૃદ્ધિથી તું માને છે કે હું વધ્યો. પણ ભાઈ, એમાં તારું કાંઈ હિત નથી. તારું હિત તો એમાં છે કે તું તારા સ્વભાવનું સાધન કર...આત્માના મોક્ષને માટે પ્રયત્ન કર. આ ભવ છે તે ભવના અભાવ માટે છે એમ સમજીને તું આત્માના હિતનો ઉદ્યમ કર. આવો હિતકારી ઇષ્ટ ઉપદેશ સંતોએ આપ્યો છે.

અરે, ધનનો લોલૂપી માણસ પોતાના જીવન કરતાંય ધનને વહાલું ગણે છે. કાળ જતાં ધનનું વ્યાજ વધે છે એમ તે ગણતરી કરે છે પણ આયુષ્ય ઘટતું જાય છે એનો એને કાંઈ વિચાર નથી. એને ધન જેટલું વહાલું છે તેટલો જીવ વહાલો નથી, તેથી ધનને અર્થે તે જીવનને વેડફી નાંખે છે. ઇષ્ટ એવો જે આત્મા તેને ભૂલીને જેણે ધનને કે માનને ઇષ્ટ માન્યું, તે ધનને અર્થે તથા માનને અર્થે જીવન ગાળે છે. પણ ઇષ્ટ તો મારો જ્ઞાનસ્વભાવી આત્મા છે, એના સિવાય બીજું કાંઈ મારું ઇષ્ટ નથી –એમ જેણે આત્માને ઇષ્ટ જાણ્યો તે જીવ આત્માને સાધવા માટે પોતાનું જીવન આપી દે છે. ઇષ્ટ તો સાચું તે જ છે કે જેનાથી ભવ:દુખ ટળે ને મોક્ષસુખ મળે. આવા ઇષ્ટને જે ભૂલ્યો તે જ પરને ઇષ્ટ માનીને તેમાં સુખ માને છે ને તેમાં જીવન ગુમાવે છે. ધર્મીને તો આત્માનો સ્વભાવ જ સુખરૂપ ને વહાલો લાગ્યો છે, ‘જગત ઇષ્ટ નહિ આત્મથી’ એમ આત્માને જ ઇષ્ટ સમજીને તેના સાધનમાં જીવન ગાળે છે.

ભાઈ, ધનની વાંછાથી તારા આત્માને તું પાપના કીચડમાં ન ડુબાડ. અરે, ધન કમાઈને પછી પૂજા–પ્રભાવના–દાનાદિમાં વાપરીને પુણ્ય કરશું–એવી વાંછાથી પણ ધનની લોલુપતા ન કર. તારી વૃત્તિને આત્માના હિતના ઉદ્યમમાં જોડ એ જ સૌથી ઇષ્ટ છે. લક્ષ્મી મેળવવાની લોલુપતાથી તો તારો આત્મા કાદવ જેવા પાપથી લેપાય છે. અત્યારે પાપ કરીને પછી પુણ્ય કરીશું એમ માનનાર તો મૂર્ખ છે, શરીર ઉપર કાદવ ચોપડીને પછી સ્નાન કરી લેશું એમ માનનાર જેવો તે મૂર્ખ છે. ભાઈ, કાદવ ચોપડીને પછી નહાવું, એના કરતાં પહેલેથી જ કાદવથી દૂર રહેને! તેમ ભવિષ્યમાં દાનાદિ કરવાના બહાને અત્યારે તારા આત્માને પાપરૂપી કાદવથી શા માટે લેપે છે? હા, સહેજે તને પુણ્યથી જે લક્ષ્મી વગેરે મળી હોય તેને તું દાન–પૂજા–સાધર્મીનો આદર વગેરે સત્કાર્યમાં વાપર.

ભાઈ, પાપભાવ તો કોઈ પ્રકારે ઇષ્ટ નથી. લક્ષ્મી વગેરે મેળવવાની વૃત્તિ તે પાપ છે, એને તો છોડ. ને રાગ ઘટાડી આત્માનું જેમ હિત થાય તેમ તું કર. ધનને મેળવવાના ભાવમાં દુઃખ છે, ધનની રક્ષાના ભાવમાંય દુઃખ છે, ને ધનને ભોગવવાના ભાવમાંય એકલી અતૃપ્તિ ને દુઃખ જ છે. જેમાં સર્વત્ર દુઃખ ને આકુળતા છે તેમાં તારું હિત જરાય નથી. તો તેને ઇષ્ટ કોણ માને? હિત તો આત્માની સાધનામાં છે, જેમાં શરૂઆતમાં પણ શાંતિ ને જેના ફળમાં પણ મોક્ષસુખની અપૂર્વ શાન્તિ.–આવું મોક્ષસાધન તે આત્માનું ઇષ્ટ છે. માટે તેનો જ ઉદ્યમ તું કર–એમ સંતોનો ઇષ્ટ ઉપદેશ છે.

( ઇષ્ટોપદેશ ઉપરનાં પ્રવચનોમાંથી )

ચૈતન્યનિધાન બતાવતાં ગુરુદેવ પ્રમોદપૂર્વક કહે છે કે અહા, જેના ઉપર નજર પડતાં જ આત્મા જાગી ઊઠે ને આનંદના ઊભરા વહે એવું ચૈતન્યતત્ત્વ તું જ છો. તો હવે તને જગતમાં કોની વાંછા છે? તારામાં જ નજર કર. નિજવૈભવ ઉપર નજર કરતાં તું ન્યાલ થઈ જઈશ.

## હે જીવ!

જો તારે આત્માર્થ સાધવો હોય તો તું જગતની દરકાર છોડી દેજે. તું જગત સામે જોઈને બેસી ન રહીશ. જગતમાં ગમે તેમ બને, તું તારા આત્મહિતના પંથે નિઃશંકપણે ચાલ્યો જાજે.

# મુંબઈ શહેરમાં ૮૫ મી જન્મજયંતીનો ઉત્સવ

પૂ. ગુરુદેવની ૮૫ મી જન્મજયંતીનો ઉત્સવ મુંબઈ શહેરમાં મુમુક્ષુઓએ આનંદથી ઉજવ્યો હતો. ગુરુદેવ મુંબઈમાં ૧૮ દિવસ રહ્યા હતા, ને સવાર–બપોર પ્રવચનમાં હજારો જિજ્ઞાસુઓ લાભ લેતા હતા. રાત્રે તત્ત્વચર્ચા તથા ભક્તિભજનનો કાર્યક્રમ રહેતો હતો.

મુંબઈમાં ગુરુદેવ ભાઈશ્રી શાંતિલાલ ચીમનલાલ તથા મધુભાઈ ચીમનલાલને ત્યાં (નીલામ્બર–મકાનમાં) રહ્યા હતા. હોંગકોંગથી ખાસ આ પ્રસંગનો લાભ લેવા માટે જ મધુભાઈ તથા પ્રેમીલાબેન આવ્યા હતા. બંને ભાઈઓએ તથા આખા પરિવારે ખૂબ હોંશ–ઉલ્લાસ અને ભક્તિથી ગુરુદેવની સેવાનો લાભ લીધો હતો, ને પોતાના આંગણે ગુરુદેવ પધારવાથી તેઓ પોતાને ધન્ય માનતા હતા. મુંબઈમાં ઘાટકોપરની ભજનમંડળી વગેરે દ્વારા રોજ ભક્તિનો કાર્યક્રમ રહેતો હતો.

વૈશાખ સુદ બીજે વહેલી સવારમાં મંડપમાં મંગલ જન્મવધાઈનો કાર્યક્રમ હતો. હજારો ભક્તજનોએ શ્રીફળ લઈને આનંદથી ગુરુદેવને અભિનંદ્યા હતા. મંડપનું દ્રશ્ય સુંદર હતું.

અહા, ચારેકોર જાણે ધર્મના બગીચા ખીલી રહ્યા હોય, એવા સુશોભિત મંડપ વચ્ચે બિરાજમાન ગુરુદેવ ધર્મના કલ્પવૃક્ષ જેવા શોભતા હતા; ને હજારો ભવ્યજીવોનાં ટોળાં એ કલ્પવૃક્ષનાં મધુર આનંદફળ ચાખવા આવી રહ્યા હતા. આ ધમાલભરી મુંબઈનગરીમાં નહીં પણ ચેતનની કોઈ શાંતનગરીમાં બેઠા હોઈએ એવું વાતાવરણ હતું. વહેલી પરોઢીયે આખું મુંબઈ શાંત હતું–માત્ર ભક્તજનો જાગતા હતા, ને મોટરના ભૂંગળાને બદલે ગુરુદેવના જયકાર સંભળાતા હતા. એ વખતનું શાંત વાતાવરણ જગતને કહેતું હતું કે હે જીવો! જીવનની ધમાલમાંથી આત્માની શાંતિ જોઈતી હોય તો સત્પુરુષ પાસે આવીને જૈનધર્મ સેવો. અનેક ભક્તજનોએ ગુરુમહિમા પ્રગટ કર્યો હતો, તથા મુંબઈના મુમુક્ષુમંડળો તરફથી અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું, ને હજારો મુમુક્ષુઓ તરફથી ૮૫ ની રકમો જાહેર કરવામાં આવી હતી.

મુંબઈનગરીમાં આનંદ–ઉલ્લાસપૂર્વક જન્મોત્સવ ઉજવાયા બાદ બીજે દિવસે ગુરુદેવ મુંબઈથી ભાવનગર થઈને સોનગઢ પધાર્યા.

સોનગઢસન્મુખ દોડી રહેલી મોટરમાં બેઠાબેઠા દૂરથી પરમાગમ મંદિરના ત્રણ ઉજ્વળ શિખર ઉપર ફરકી રહેલા ધ્વજ રત્નત્રયમાર્ગની સુંદર પ્રેરણા આપતા હતા, બસ, હવે સંસારથી છૂટીને જાણે રત્નત્રયના સ્વધામમાં આવ્યા એવા સંતુષ્ટભાવની ઉર્મિઓ ગુરુદેવના મુખ પર ઝળકતી હતી. ગુરુદેવ પધારતાં સુવર્ણધામ પુનઃ શોભી ઉઠયું, સર્વત્ર નવચેતના આવી ગઈ. પ્રવચનમાં શાંતરસ ઝરી રહ્યો છે ને ગુરુદેવ વારંવાર કહે છે કે અહીં તો હવે શાંતિથી સ્વાધ્યાયનો કાળ છે! અહા, અત્યારે આત્માને સાધી લેવાનો અવસર છે.

* * * * *

શ્યામદાસ નામના એક હરિજનભાઈ (જેઓ હરિજનોના ગુરુ છે ને ઉમરાળાના છે) તેઓ પૂ. ગુરુદેવ પ્રત્યે ભક્તિ ધરાવે છે, તથા પોતાના હજારો ભક્તોમાં ગુરુદેવે બતાવેલા તત્ત્વનો અને સાચા દેવ–ગુરુ–ધર્મનો પ્રચાર કરવા પ્રયત્ન કરે છે, માંસભક્ષણ તેમજ રાત્રિભોજન અને કંદમૂળ વગેરે પાપો છોડાવે છે; તેમણે 'આત્મધર્મ–પ્રચારક મંડળ' સ્થાપ્યું છે, મુંબઈમાં પણ તેમના ભક્તો રહે છે. ગુરુદેવ મુંબઈ પધાર્યા ત્યારે વૈશાખ સુદ બીજે તે મંડળ તરફથી પણ ગુરુદેવને અભિનંદન–પત્ર આપવામાં આવ્યું હતું. તેમાં લખે છે–

નિતનિત ગુરુતણા જશ ગાય, સાચા દેવ–ગુરુ–શાસ્ત્રો દરશાય;
હે ગુરુજી! વીતરાગી તમારું વિજ્ઞાન, ગુરુમહિમા ગાયો રે;
એવો અનંત ચોવીસીનો રાહ વિશ્રામ પોતામાં પાયો રે.

* * * * *

# વિવિધ સમાચાર અને સૂચનાઓ

卐 વર્દ્ધમાન તીર્થંકરની વિહારભૂમિ વઢવાણ શહેરમાં વીરપ્રભુના ૨૫૦૦મા નિર્વાણ–મહોત્સવના વર્ષમાં નૂતન ભવ્ય જિનમંદિર બંધાવાની તૈયારીઓ ચાલે છે; આ માટે સુંદર જગ્યા લેવાઈ ગઈ છે, ને શેઠશ્રી તલકશીભાઈના સુપુત્રો, શેઠશ્રી પોપટલાલભાઈ વોરા, ચીમનભાઈ ઘડિયાળી, ગીરધરભાઈ શાહ વગેરે ભાઈઓ આ કાર્યમાં ઉત્સાહથી રસ લઈ રહ્યા છે. જિનમંદિરનું શિલાન્યાસ તુરતમાં થવાની આશા છે.

卐 હાલમાં ટ્રેઈન તેમજ ટપાલ વ્યવહારમાં અનિયમિતતા ચાલતી હોવાથી આત્મધર્મ કદાચ મોડું મળવા સંભવ છે. સોનગઢમાં તો આત્મધર્મ છપાઈને નિયમિત દશમી તારીખે તૈયાર થઈને, પોસ્ટ કરવામાં આવશે.

卐 આત્મધર્મ વાંચીને આપને જાગતી ભાવનાઓ, આપની જિજ્ઞાસાઓ, આપના પ્રશ્નો, સંપાદકને લખી મોકલશો, તો “વાંચકો સાથેની વાતચીત” ના વિભાગમાં તેનો યોગ્ય ઉપયોગ થશે. વધુ ને વધુ વાંચકો ભાગ લઈને આ વિભાગને વિકસાવે–એવી આશા રાખીએ.

卐 ગઢડાશહેરમાં નુતન જિનમંદિર તૈયાર થયું છે, તેમાં જિનેન્દ્રદેવની વેદીપ્રતિષ્ઠા વૈશાખ વદ બીજના રોજ થઈ છે. આ ઉત્સવપ્રસંગે પૂ. ગુરુદેવ ચાર દિવસ ગઢડાશહેર પધાર્યા હતા. પારસનાથ ભગવાનની પ્રતિષ્ઠા ગુરુદેવના મંગલહસ્તે નાઈરોબીના શ્રી જેઠાલાલભાઈ દેવરાજભાઈએ કરાવી હતી. ગુરુદેવના વડવાઓ ગઢડામાં રહેતા હતા, ને તે તેમના મોસાળનું ગામ છે. ઈન્દ્રપ્રતિષ્ઠા, યાગમંડલપૂજન, રથયાત્રા વગેરે વિધિઓ આનંદપૂર્વક થઈ હતી. પૂ. ગુરુદેવ વૈશાખ વદ ત્રીજે પુનઃ સોનગઢ પધાર્યા છે, ને હવે સોનગઢમાં જ રહેવાના છે. પરિસ્થિતિઅનુસાર આ વખતે ઉનાળાનો શિક્ષણવર્ગ ચાલવાનો નથી. સોનગઢમાં પાણી વગેરેની કોઈ મુશ્કેલી નથી.

卐 સૂચનાઃ મરણ સંબંધી સમાચારો આત્મધર્મમાં છાપવાનું હવેથી બંધ કરવામાં આવ્યું છે; એટલે તેવા સમાચારો આત્મધર્મમાં છાપવા માટે ન મોકલવા સૌ નોંધ લેશોજી.

卐 શ્રી સોનગઢ જૈનવિદ્યાર્થીગૃહમાં (ધોરણ પાંચથી મેટ્રિક સુધી) કોઈપણ જૈન ફિરકાના જે વિદ્યાર્થીઓને દાખલ થવા ઈચ્છા હોય તેમણે તે માટેનું ‘પ્રવેશફોર્મ’ અને નિયમો ૦–૨૫ પૈસાની ટિકિટ મોકલીને તા. ૨૫–૫–૭૪ સુધીમાં મંગાવી લેવું, અને છમાસીક પરીક્ષાના માર્ક સાથે તા. ૩૦–૫–૭૪ સુધીમાં (જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ) ને મોકલી આપવું. પૂરી ફી ના માસિક રૂા. ૬૦–૦૦ અને ઓછી ફીના રૂા. ૩૫–૦૦ છે.

## હે મુમુક્ષુ! ખેદ છોડ....પ્રસન્નતાથી આત્માને સાધ!

હે મુમુક્ષુ! જીવનમાં તું ખેદખિન્ન થઈને જીવીશ નહિ, આનંદમય જીવન જીવજે. તારા જીવનને આનંદમય બનાવવા જ સંતોનો ઉપદેશ છે. અહા, આવા

આનંદ સાધવાના અવસરમાં ખેદ શો? મુમુક્ષુને તો નિજાનંદની પ્રાપ્તિના અવસરમાં પરમ ઉત્સાહ હોય.

અરે મુમુક્ષુ! તને વળી ખેદ શેનો? જગતમાં એવું તે શું દુઃખ છે કે તારે ખેદ કરવો પડે? તારે તો અત્યારે આત્માને સાધવાનો મહા આનંદપ્રસંગ છે....તો પ્રસન્નચિત્તે આત્માને સાધવામાં લાગી જા. ખેદ છોડ! જો તો ખરો, તને કેવા સરસ દેવ–ગુરુ મળ્યા છે? કેવો સરસ માર્ગ મળ્યો છે! કેવા સાધર્મી મળ્યા છે! ને અંદર કેવો મજાનો સુંદર આત્મા બિરાજી રહ્યો છે! જગતમાં આવો સરસ યોગ મળ્યો, પછી હવે ખેદ કરવાનું ક્યાં રહે છે? ખેદની ટેવ છોડ....ને મહાન ઉલ્લાસથી, શાંતભાવે તારા આનંદધામમાં જો...તારું જીવન અપૂર્વ ચેતનવંતુ બની જશે.

## ❀ જૈનધર્મની મૂળ વસ્તુ-સર્વજ્ઞ ❀

ગુરુદેવ ઘણીવાર કહે છે કે " શ્રુતજ્ઞાનીના હૃદયમાં સર્વજ્ઞ–તીર્થંકર બિરાજે છે–એ વાત ઘણા વર્ષ પહેલાં સાંભળેલી ત્યારે મને ખૂબ ગમેલી." ગુરુદેવને પહેલેથી સર્વજ્ઞતા ઉપર જોર ઘણું; ત્યારે એમનાથી વિરુધ્ધ વિચારવાળાને સર્વજ્ઞની પ્રતીતમાં જ વાંધા. દીક્ષા પછી થોડા જ કાળમાં આ સંબંધી મતભેદ થવા લાગ્યા. ગુરુદેવ ભારપૂર્વક કહે છે કે જેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે તેના અનંતભવ સર્વજ્ઞે દીઠા જ નથી, કેમકે એના હૃદયમાં તો સર્વજ્ઞ બેઠા છે. જેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા તેને અનંતભવ હોય નહિ. જ્ઞાનસ્વભાવના નિર્ણયપૂર્વક સર્વજ્ઞનો સાચો નિર્ણય થાય છે. સર્વજ્ઞના નિર્ણય વગર ભગવાનના માર્ગનો નિર્ણય થાય નહિ, ભગવાનની વાણીનો ( શાસ્ત્રનો ) નિર્ણય થાય નહિ. એક્કેય તત્ત્વનો નિર્ણય સર્વજ્ઞના નિર્ણય વગર થાય નહિ. સર્વજ્ઞનો નિર્ણય કરતાં જ્ઞાનસ્વભાવમાં બુદ્ધિ ઘૂસી જાય છે, ત્યારે માર્ગ હાથ આવે છે. જૈનશાસનની આ મૂળભૂત વસ્તુ છે. જુઓને, સમયસારમાં વક્તા અને શ્રોતા બંનેના આત્મામાં સર્વજ્ઞસ્વભાવી સિદ્ધને સ્થાપીને જ અપૂર્વ શરૂઆત કરી છે. આત્મામાં સિદ્ધને સ્થાપતાં સાધકભાવ શરૂ થઈ જાય છે.

## ❀ એક બાળકની મુંઝવણ ❀

એકવાર એક બાળકે આવીને ગુરુદેવને પૂછ્યું –

ગુરુદેવ! આપ ધોળા ને હું કાળો–એમ કેમ?

ગુરુદેવ કહે–ભાઈ, આત્મા ક્યાં કાળો કે ધોળો છે? હું જીવ ને તું પણ

જીવ, આપણે બંને સરખા; બસ ! કાળું કે ધોળું તો શરીર છે, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે.

ને ‘હું કાળો નથી, હું તો ગુરુદેવ જેવો જીવ છું’ એમ જાણીને બાળક ખુશી થયો.

## ❁ મોટી હૂંડી વટાવવાની દુકાન ❁

સં. ૧૯૮૯ માં ચેલાગામે માગશર સુદ દશમે ગુરુદેવને એક સ્વપ્ન આવ્યું. ગુરુદેવ તે વખતે સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા. સ્વપ્નમાં મોટી રકમની એક હૂંડી મળી હતી, પણ તે હુંડી સાથે સ્વપ્નમાં એમ પણ આવ્યું કે અહીં આ દુકાને (એટલે કે જે સંપ્રદાયમાં તમે છો ! તે સંપ્રદાયમાં) આ હુંડી વટાવી શકાય તેમ નથી, આ હૂંડી વટાવવા બીજી દૂકાન (શાહૂકારની એટલે કે વીતરાગમાર્ગી સન્તોની) શોધવી પડશે.–આવું સ્વપ્ન આવેલું. (અને પછી તરત–સં. ૧૯૯૧ માં ગુરુદેવે બીજી દુકાન શોધી કાઢી, ને ત્યાં હુંડી વટાવીને તત્ત્વની મૂળ રકમ પ્રાપ્ત કરી.)

## ❁ ધર્મીનું સાચું જીવન ❁

ધર્મના પ્રાણ અને ધર્મનું જીવન સ્વાનુભૂતિ છે.

સ્વાનુભૂતિ એ ધર્માત્માનું ખરું જીવન છે.


સ્વાનુભૂતિને જાણ્યા વગર ધર્માત્માનું જીવન ઓળખી શકાય નહિ.

## ❁ સ્વસન્મુખ પરિણતિ ❁

ભાઈ, પરસન્મુખ પરિણતિથી તું અનંત કાળ રખડયો ને દુઃખી થયો. પરમ સુખથી ભરેલું એવું આત્મસ્વરૂપ, તેમાં સ્વસન્મુખ પરિણતિ કર તો તને પરમ સુખ થાય, ને તારું દુઃખ તથા ભવ–ભ્રમણ ટળે. સ્વસન્મુખ પરિણતિ વડે સ્વઘરમાં આવ ને આનંદિત થા.

## ❁ તું આગે બઢે જા ❁

આત્મવિશ્વાસ અને દ્રઢતાપૂર્વક તું તારા હિતમાર્ગમાં આગળ વધ્યે જા. ગમે તેવા પ્રસંગે ધૈર્ય અને વૈરાગ્યનું બળ ટકાવી રાખજે. ધૈર્ય રાખીશ તો માર્ગ શોધવામાં તારી બુદ્ધિ પણ તને સાથ આપશે. આફતથી ગભરા નહિ, ધૈર્યપૂર્વક તારા હિતમાર્ગમાં આગે બઢ. વીતરાગી સંતો તારી સાથે, તારા માર્ગદર્શક છે.




પરમાગમ-મંદિર તથા માનસ્તંભ ઉપર



પુષ્પ વૃષ્ટિનાં દૃશ્યો



પ્રમુખશ્રી નવનીતભાઈ, શાહૂ શાંતિપ્રસાદજીનું સ્વાગત કરી રહ્યા છે તથા શાહૂજી મુ. શ્રી રામજીભાઈને પરમાગમ-મંદિરનું ચાંદીનું પ્રતિક અર્પણ કરી રહ્યા છે. તે પ્રસંગે મુ. શ્રી રામજીભાઈ શું કહે છે? તે આપ સામેના પાને વાંચો.




જા વાનીકે જ્ઞાનતેં સૂઝે લોકાલોક;
સો વાની મસ્તક ચઢો.....સદા દેત હૂં ઢોક.



મુ. શ્રી રામજીભાઈ ગદગદ–ભક્તિથી કહે છે કે અહો, આ તો પરમાગમ છે; તે હાથમાં નહીં પણ મારા માથા ઉપર ચઢાવો, અને ૯૧ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે, શાહૂજીના ટેકાપૂર્વક જ્યારે પરમાગમ–મંદિરને રામજીભાઈએ મસ્તકે ચઢાવ્યું ત્યારે સભાજનો આશ્ચર્યથી નીહાળી રહ્યા. ( ફોટોઃ વોરા સ્ટુડીઓ, અમદાવાદ )

# પરમાગમમંદિરમાં વીરનાથભગવાનને દેખતાં વીતરાગતાની લહેરો ઊઠે છે



અહા, શી ભવ્ય પ્રતિમા છે! કેવી અદ્‌ભુત શાંત મુદ્રા છે! પરમાગમ–મંદિરની ભવ્યતાને શોભાવે એવા વીરનાથ ભગવાનને દેખતાં હૃદયમાં વીતરાગતાની લહેરો ઊઠે છે. જેમ, અંદર દ્રષ્ટિ કરીને શુદ્ધાત્માને જાણે ત્યારે જ પરમાગમની ગંભીરતાનો સાચો ખ્યાલ આવે છે તેમ, અંદર આવીને જ્યારે તમે આ વીતરાગતાના પિંડ મહાવીર–પરમાત્માને જુઓ ત્યારે જ તમને પરમાગમ–મંદિરની ભવ્યતાનો ખરો ખ્યાલ આવે છે. અહા! પરમાગમમાં પ્રભુસન્મુખ બેઠા છીએ ત્યારે ચારેકોર પરમાગમોમાંથી વીતરાગરસની મધુરી લહેરીઓ ઉલ્લસી રહી છે....ને દિવ્યધ્વનિના પડઘા સંભળાઈ રહ્યા છે. આવો..... પરમાગમમાં આવીને પ્રભુ સન્મુખ બેસો....ને ચૈતન્યની ગંભીર શાંતિનો સ્વાદ ચાખો.

(આત્મધર્મના સંપાદક હૃદયની ઊર્મિથી મહાવીર પ્રભુના દર્શન કરી રહ્યા છે.)

(મહાવીર ફોટોઆર્ટ: પાલીતાણા)

# પરસ્પર અભિનંદન.....( તી ર્થ   ર ક્ષા ફં ડ )



શ્રી પૂરનચંદજી ગોદિકા અને શ્રી શાંતિપ્રસાદજી સાહૂ

( સોનગઢમાં પરમાગમ–મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તીર્થરક્ષાનિધિ ફંડની જાહેરાત થઈ, ત્યારબાદ શેઠશ્રી સાહુજી તથા ગોદિકાજી એકબીજાને અભિનંદી રહ્યા છે. તીર્થરક્ષાફંડ માટે ઉત્સાહ સારો હતો; પરંતુ આ બાબતમાં ઘણા સાધર્મીઓનો એવો વિચાર છે કે, જ્યારે એક અખિલ ભારતીય દિ. જૈન તીર્થરક્ષા કમિટિ કામ કરી જ રહી છે ત્યારે તેની અંતર્ગત રહીને કાર્ય થાય તે વધુ સારૂં છે. આપણા સમસ્ત દિ. જૈનસમાજના તીર્થો એક જ છે–તો તેની રક્ષા માટેનું ફંડ પણ એક જ હોય–તે ઈચ્છનીય છે. હા, તે તીર્થક્ષેત્ર કમિટિમાં આપણા સૌરાષ્ટ્ર–ગુજરાતના સભ્યો પણ ભાગ લ્યે તે ઈષ્ટ છે. સૌરાષ્ટ્રમાં સૌથી પ્રથમ ગીરનાર તીર્થક્ષેત્ર ઉપર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. નેમપ્રભુના મોક્ષની પાંચમી ટૂંક તથા પ્રભુના દીક્ષા અને કેવળજ્ઞાનનું ધામ સહસ્ર–આમ્રવન ધીમે ધીમે જૈનોના હાથમાંથી સાવ સરકી ન જાય તે માટે શ્વેતાંબર અને દિગંબર બંને જૈનસમાજે સાથે મળીને ધ્યાન આપવું અત્યંત જરૂરી છે.           – સં. )

# ભાવના સફળ થઈ

卐 સોનેરી જીવન 卐



卐 સોનેરી અવસર 卐

હે ગુરુદેવ! આપની વૈશાખ સુદ બીજ......એ સોનેરી દિવસ છે. આપનું સોનેરી જીવન એ અમને આત્મિક સાધના માટેનું ઉત્તમ ઉદાહરણ આપી રહ્યું છે. તીર્થંકરો–ગણધરો–ચક્રવર્તીઓ વગેરે પુરાણ પુરુષોનું પાવન જીવનચરિત્ર અને તેઓએ પૂર્વભવોમાં કરેલી આત્મસાધના, શાસ્ત્રોમાં એનું વર્ણન વાંચતાં પણ મુમુક્ષુને કેવો આહ્લાદ થાય છે!!–તો એવા આત્મસાધનાવંત જીવોનું જીવન પ્રત્યક્ષ જોવા મળે,–એટલું જ નહિ–એમના સહવાસમાં નિરંતર સાથે ને સાથે રહેવાનું બને, –એ પ્રસંગે મુમુક્ષુના આહ્લાદની શી વાત! હે ગુરુદેવ! આપના પ્રતાપે અમને એવો સુયોગ મળ્યો છે...તેથી અમે તો એમ જ સમજીએ છીએ કે આપની સોનેરી છાયામાં અમને આરાધનાનો જ સોનેરી અવસર મળ્યો છે. આપના ચરણમાં આરાધના પ્રાપ્ત કરીને અમારું જીવન ઉજ્વળ કરીએ ને એ રીતે આપનો મંગળ–જન્મોત્સવ ઉજવીએ –એવી ભાવનાપૂર્વક આપને નમસ્કાર કરીએ છીએ.
– સં.

( વીર સં. ૨૪૯૨ ના આત્મધર્મમાંથી )

( અહો! આઠ વર્ષ પહેલાંની મધુરી ભાવના સફળ થઈ. )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) : વૈશાખ ( ૩૬૭ )